# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧૨ | અંક : ૨૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેનેજમેન્ટે રચ્યો ઇતિહાસ

# દિલ્હીમાં ૨૭ વર્ષના વનવાસનો આવ્યો અંત : કમળ ખીલ્યું

## પ્રામાણિકતા અને સ્વચ્છ રાજકારણના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટી (AAP)ને દિલ્હીમાં કારમી હારનો સામનો કરવો પડ્યો છે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

વિધાનસભા ચૂંટણીમાં ભાજપે શાનદાર જીત મેળવીને ઇતિહાસ રચ્યો છે. તે જ સમયે, પ્રામાણિકતા અને સ્વચ્છ રાજકારણના પ્રતિનિધિ હોવાનો દાવો કરતી આમ આદમી પાર્ટી (AAP) ને કારમી હારનો સામનો કરવો પડ્યો છે. એક તરફ AAPની આ હારથી લોકોનો આંદોલનમાંથી ઉભરી આવેલી પાર્ટી પ્રત્યેનો મોહભંગ સાબિત થયો છે, તો બીજી તરફ તેણે ફરી એકવાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અને તેમની ગેરંટીની પુષ્ટિ કરી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભાજપની પ્રચંડ બહુમતી સાથે જીત જોવા મળી છે. આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની સૌથી વીવીઆઈપી સીટ નવી દિલ્હી પર પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને ભાજપના ઉમેદવાર પરવેશ વર્માએ હરાવ્યા જ્યારે જંગપુરામાંથી મનિષ સિસોદિયા ચૂંટણીની જંગ હાર્યા છે. કોંગ્રેસ આ વખતે પણ ખાતું ખોલાવી શકી નથી. દિલ્હીમાં ૧૯૯૩ બાદ પ્રથમ વખત ભાજપ જીતી છે. અરવિંદ કેજરીવાલ ૨૦૧૩થી દિલ્હીમાં શાસન કરી રહ્યા હતા. દિલ્હી વિધાનસભા ચૂંટણીની ૫૫ બેઠકોના પરિણામ જાહેર થઈ ગયા છે. જેમાં ભાજપે ૩૬ બેઠકો




પર જીત મેળવી છે, જ્યારે AAP એ ૧૯ બેઠકો પર જીત હાંસલ કરી છે. હજી ૧૫ બેઠકોના અંતિમ પરિણામ આવવાના બાકી છે. જેમાં આપ ચારમાં અને ભાજપ ૧૧માં લીડ કરી રહ્યું છે. ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ, ભૂતપૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા અને તેમના કેબિનેટ સાથી સત્યેન્દ્ર જૈન સહિત AAPના અગ્રણી નેતાઓને ભ્રષ્ટાચારના આરોપસર જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. દિલ્હી દારૂ કૌભાંડ કેસમાં AAPના સ્પષ્ટવક્તા નેતા સંજય સિંહ પણ જેલના સળિયા પાછળ ગયા. પ્રાથમિક પુરાવા મજબૂત હોવાથી, કોર્ટે આ આરોપીઓને ઘણી વખત જામીન આપવાનો ઈનકાર કર્યો હતો, પરંતુ તેઓ પોતાને કટ્ટર પ્રમાણિક ગણાવતા રહ્યા. આનાથી જનતાનો વિશ્વાસ તૂટી ગયો. અરવિંદ કેજરીવાલ પહેલી વાર સત્તામાં આવ્યા પછી મોટા કામ કરવાના દાવા કરી રહ્યા છે, પરંતુ તેમની સરકારનું કામ જમીની સ્તરે દેખાતું નથી. આના ઘણા ઉદાહરણો છે, જેમ કે દરેક ચૂંટણીમાં તેઓ યમુના નદીની સફાઈ વિશે કહેતા હતા કે આ વખતે તેઓ બધાને યમુનામાં ડૂબકી લગાવશે, પરંતુ તેઓ ૧૦ વર્ષમાં કોઈ કામ કરી શક્યા નથી. દિલ્હીને પેરિસ બનાવવાના સપના દેખાડનાર આમ આદમી પાર્ટીએ રાજધાનીને બરબાદ કરી દીધી છે. તૂટેલા રસ્તાઓ, નબળી સ્વચ્છતા વ્યવસ્થા, દિલ્હીમાં ગંદા પાણીનો પુરવઠો, તમામ વિકાસ કાર્યોમાં સ્થગિતતા અને તેના ઉપર ભ્રષ્ટાચારને કારણે લોકોનો AAP પ્રત્યેનો આકર્ષણ ઓછો થઈ ગયો છે. દિલ્હીમાં વિવિધ સ્થળોએ દારૂની દુકાનો ખોલનાર પાર્ટીના મોહલ્લા ક્લિનિકને પણ બરબાદ કરી નાખ્યું. મોહલ્લા ક્લિનિકમાં પરીક્ષણ અને સારવારના નામે લૂંટફાટના આરોપો અને થોડા સમય પછી તેની બગડતી હાલતને કારણે જનતાનો કેજરીવાલ પરથી વિશ્વાસ ઉઠી ગયો.

સ્વચ્છ રાજકારણનો દાવો કરીને સત્તામાં આવેલા AAPના કન્વીનર અરવિંદ કેજરીવાલ બંગલો, લાલ બત્તીવાળી કાર અને અન્ય વૈભવી સુવિધાઓ ન હોવાની વાત કરતા હતા, પરંતુ તેમણે પોતાના માટે કરોડો રૂપિયાનો વૈભવી શીશ મહેલ બનાવડાવ્યો. એટલું જ નહીં, તેણે લાલ બત્તીના વાહનથી લઈને સુરક્ષા અને કર્મચારીઓ સુધી બધું જ પોતાની સાથે રાખ્યું. આના કારણે, કેજરીવાલની છબી ટર્નકોટ જેવી બની ગઈ.

## દિલ્હીમાં ભાજપની જીત બાદ મોદીએ આપી ગેરંટી



દિલ્હીમાં ભાજપની જીત પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુભેચ્છા પાઠવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી છે કે, જનશક્તિ સર્વોપરી! વિકાસ જીત્યો, સુશાસનની જીત થઈ. દિલ્હીમાં ભાજપને ઐતિહાસિક જીત અપાવવા બદલ તમામ દિલ્હીવાસીઓને મારા વંદન અને અભિનંદન. તમે જે અતૂટ વિશ્વાસ અને સ્નેહ વરસાવ્યો છે. તેના બદલ આભાર. અમે દિલ્હીની ચારેબાજુ વિકાસ અને અહીંના લોકોનું જીવન ઉત્તમ બનાવવા માટે કોઈ કસર બાકી રાખીશું નહીં. આ અમારી ગેરંટી છે. અમે સુનિશ્ચિત કરીશું કે, વિકસિત ભારતના નિર્માણમાં દિલ્હીની ભૂમિકા મહત્ત્વની બને. મને ભાજપના બધા કાર્યકર્તાઓ પર ગર્વ છે. જેમણે આ પ્રચંડ જનાદેશ માટે દિવસ-રાત એક કરી દીધા હતા. અમે હવે વધુ મજબૂતી સાથે દિલ્હીવાસીઓની સેવામાં સમર્પિત રહીશું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને કહ્યું કે દિલ્હીના દિલમાં મોદી છે, 'દિલ્હીમાં જુઠ્ઠાણાના શાસનનો અંત આવ્યો છે.' આ અહંકાર અને અરાજકતાનો પરાજય છે. આ પ્રચંડ જનાદેશ માટે દિલ્હીના લોકોનો હૃદયપૂર્વક આભાર. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડાએ લખ્યું, આપ-દા દિલ્હી મુક્ત! આજે, દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો પ્રચંડ વિજય એ પીએમ મોદીના સક્ષમ નેતૃત્વ હેઠળ સેવા, સુશાસન, ગરીબોના કલ્યાણ, અંત્યોદય અને વિકાસલક્ષી નીતિઓ માટે લોકોના અતૂટ સમર્થનનો વિજય છે. દિલ્હી વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ભાજપને ૪૮ બેઠકો મળી છે. બહુમતીનો આંકડો ૩૬ છે. ભાજપ હવે પોતાના દમ પર સરકાર રચશે.

## કેજરીવાલને હરાવી પરવેશ વર્માએ AAPમાં ફેલાવી દીધો સન્નાટો



દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોએ બધાને ચોંકાવી દીધા છે. ભારતીય જનતા પાર્ટીએ લગભગ એકતરફી વિજય મેળવીને ઇતિહાસ રચ્યો છે. વાત ફક્ત આટલા પૂરતી જ મર્યાદિત નથી કે ભાજપ સત્તામાં પાછી ફરી રહી છે, પરંતુ એ પણ આશ્ચર્યજનક છે કે દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના સૌથી મોટા નેતા અરવિંદ કેજરીવાલને નવી દિલ્હી બેઠક પર પણ હારનો સામનો કરવો પડ્યો છે. ઘણી ઉથલપાથલ પછી ૧૦ વર્ષ સુધી મુખ્યમંત્રી રહેલા કેજરીવાલનો આખરે પરાજય થયો છે. પરવેશ વર્મા દિલ્હીના એક અગ્રણી રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે, તેઓ દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના દિગ્ગજ નેતાઓમાંના એક સાહિબ સિંહ વર્માના પુત્ર છે. કાકા આઝાદ સિંહ ઉત્તર દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર તરીકે સેવા આપી હતી અને ૨૦૧૩ની વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપની ટિકિટ પર મુંડકા મતવિસ્તારમાંથી ચૂંટણી લડી હતી. ૧૯૭૭માં જન્મેલા પરવેશ વર્માએ દિલ્હી પબ્લિક સ્કૂલ આરકે પુરમમાંથી શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું અને પછી દિલ્હી યુનિવર્સિટીની કિરોડીમલ કોલેજમાંથી બેચલર ઓફ આર્ટ્સની ડિગ્રી મેળવી છે. આ પછી તેણે ફોર સ્કૂલ ઓફ મેનેજમેન્ટમાંથી MBA કર્યું.

## આતિશીએ ભાજપના રમેશ બિધુરીને હરાવીને ચૂંટણી જીતી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

ભારતીય જનતા પાર્ટી સાથેની નજીકની સ્પર્ધા વચ્ચે, દિલ્હીના કાલકાજી વિધાનસભા મતવિસ્તારમાં આમ આદમી પાર્ટીએ જીત નોંધાવી છે. AAP અને ભાજપ વચ્ચે જોરદાર ટક્કર થઈ, ત્યારબાદ CM આતિશીએ ભાજપના રમેશ બિધુરીને હરાવીને ચૂંટણી જીતી. કોંગ્રેસે આ બેઠક પર અલકા લાંબાને મેદાનમાં ઉતાર્યા હતા. ઉલ્લેખનીય છે કે કાલકાજી બેઠક પરથી ફરી જીત મેળવનાર આમ આદમી પાર્ટીના આતિશીએ ચાર મહિના પહેલા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. આ સાથે, તેઓ દિલ્હીના ત્રીજા મહિલા મુખ્યમંત્રી બન્યા હતા. અત્યાર સુધીના ટ્રેન્ડ્સ પર નજર કરીએ તો ભાજપના કાર્યકરો અને નેતાઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## દિલ્હીમાં કોંગ્રેસની હાલત પર હસી રહ્યા છે INDIA ગઠબંધનના નેતા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી અને ભારતીય જનતા પાર્ટીમાં સત્તા સંગ્રામ ચાલી રહ્યો છે. તો વળી કોંગ્રેસ ખાતું ખોલવા માટે પણ સંઘર્ષ કરી રહી છે. આ બાજુ વિપક્ષી ઈંડિયા ગઠબંધનના નેતાઓ કોંગ્રેસની મજાક ઉડાવી રહ્યા છે. સાથે જ ખરાબ પ્રદર્શનનું કારણ કોંગ્રેસ અને આપનું અલગ લડવાનું કારણ બતાવી રહ્યા છે. ભારતીય ચૂંટણી પંચના તાજા આંકડા અનુસાર, ભાજપ વલણોમાં બહુમતના આંકડાને પાર કરી ચુકી છે. શિવસેના યૂબીટીના રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે કહ્યું કે, ભાજપને હરાવવા માટે આપ પણ લડે છે, કોંગ્રેસ પણ લડે છે. પણ અલગ અલગ લડે છે. જો એક સાથે હોત તો દિલ્હીના પરિણામ પહેલા એક કલાકમાં જ ભાજપ હારી જાત.

### દિલ્હી ચૂંટણી પરિણામો પર કેજરીવાલની પ્રતિક્રિયા

# અમે સત્તા માટે રાજકારણમાં નથી આવ્યા : દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી

## જનતા જે પણ નિર્ણય હશે, તેને અમે સ્વીકારીએ છીએ, હું ભાજપને આ જીત બદલ અભિનંદન આપું છું : કેજરીવાલ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પર AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે તેમની પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, જનતા જે પણ નિર્ણય હશે, તેને અમે સ્વીકારીએ છીએ. હું ભાજપને આ જીત બદલ અભિનંદન આપું છું. જે અપેક્ષાઓ પર જનતાએ તેમને જે બહુમતી આપી છે, તે પર તેઓ ખરા ઉતરશે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, "લોકોએ છેલ્લા ૧૦ વર્ષમાં અમને તક આપી. અમે ઘણું કામ કર્યું. અમે શિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળી અને અન્ય ઘણી



રીતે લોકોને રાહત આપવાનો પ્રયાસ કર્યો છે. અમે દિલ્હીના માળખાગત સુવિધાઓને સુધારવાનો પ્રયાસ કર્યો છે. હવે, લોકોએ અમને જે નિર્ણય આપ્યો છે, અમે ફક્ત રચનાત્મક વિપક્ષની ભૂમિકા જ નહીં, ભજવીશું પણ અમે સમાજ સેવા પણ કરીશું, લોકોના સુખ-દુઃખમાં મદદ કરીશું, અને વ્યક્તિગત રીતે, પણ જેને અમારી જરૂર હશે, અમે હંમેશા તેમના સુખ-દુઃખમાં મદદ કરીશું. કારણ કે અમે સત્તા માટે રાજકારણમાં આવ્યા નથી." વધુમાં તેમણે કહ્યું કે, "અમે રાજકારણને એક એવું માધ્યમ માનીએ છીએ, જેના દ્વારા આપણે જનતાની સેવા કરી શકીએ છીએ. જેના દ્વારા આપણે લોકોને તેમના સુખ-દુઃખમાં મદદ કરી શકીએ છીએ. આપણે કામ કરતા રહીશું અને ભવિષ્યમાં પણ આપણે એ જ રીતે લોકોને તેમના સુખ-દુઃખમાં મદદ કરવી પડશે. હું આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરોને અભિનંદન આપવા માંગુ છું.

### કેજરીવાલને ભાજપના પ્રવેશ વર્માએ હરાવ્યા

# અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા હાર્યા

## આમ આદમી પાર્ટીને મોટો ઝટકો : મનીષ સિસોદિયા ભાજપના તરવિંદર સિંહ મારવાહ સામે હારી ગયા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મોટો અપસેટ સર્જાયો છે. દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ અને પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા ચૂંટણી હારી ગયા છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણીની સૌથી વીવીઆઈપી સીટ નવી દિલ્હી પર પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલને ભાજપના ઉમેદવાર પરવેશ વર્માએ હરાવ્યા. સવારે આઠ વાગ્યે મત ગણતરી શરૂ થઈ ત્યારથી કેજરીવાલ સતત પાછળ ચાલી રહ્યા હતા. લગભગ બે કલાકની મત ગણતરી બાદ કેજરીવાલ થોડા સમય માટે આગળ નીકળી ગયા હતા, પરંતુ આખરે તેઓ ૩૧૮૨ વોટથી ચૂંટણી હારી ગયા છે. બીજી તરફ જંગપુરા વિધાનસભા સીટ પર પણ આમ આદમી પાર્ટીનો મોટો ઝટકો લાગ્યો છે. આપના ઉમેદવાર અને દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાને ભાજપના ઉમેદવાર તરવિંદર સિંહ મારવાહે હરાવ્યા. કાલકાજી વિધાનસભા સીટ પણ ઘણી હોટ સીટ હતી. આ બેઠક પરથી દિલ્હીના સીએમ આતિશી મેદાનમાં હતા. તેઓ ચૂંટણી જીતી ગયા છે. આતિશીએ ભાજપના ઉમેદવાર રમેશ બિધૂડીને લગભગ ૪ હજાર વોટથી હરાવ્યા. અરવિંદ કેજરીવાલને હરાવ્યા બાદ તરત જ પરવેશ વર્માએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને ફોન કર્યો હતો.

## "દારૂએ બદનામ કર્યા" કેજરીવાલ પર અન્ના હજારેનો કટાક્ષ

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મતગણતરી ચાલી રહી છે. હાલમાં, વલણો અનુસાર, ભાજપ ૪૪ બેઠકો પર આગળ છે. તે જ સમયે, આમ આદમી પાર્ટી ૨૬ બેઠકો પર આગળ છે. આ દરમિયાન, રાજકીય પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. મહારાષ્ટ્રના સામાજિક કાર્યકર્તા અન્ના હજારેનું એક નિવેદન પણ પ્રકાશમાં આવ્યું છે. તેમણે કહ્યું છે કે અરવિંદ કેજરીવાલને ખાતરી આપવી જરૂરી હતી કે તેઓ દિલ્હી માટે કામ કરશે. અન્ના હજારેએ આગળ કહ્યું, હું તેમને વારંવાર કહેતો રહ્યો, પણ ક્યારેય તેમના મગજમાં એ વાત ન આવી. તેમણે દારૂની દુકાનોનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે દારૂ વિશે કેમ વાત કરી? કારણ કે તેમને પૈસા અને સંપત્તિ જોઈતી હતી.




## ન્યુઝ બોક્ષ

### ખેડૂત પિતા-પુત્રને થાંભલે બાંધી જિન માલિકે માર માર્યો

। (એજન્સી) છોટા ઉદેપુર, તા.૮ ।

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના હાંદોદ ગામમાં ખેડૂતને બાંધીને માર માર્યો હતો. કપાસ વેચવા ગયેલા ખેડૂતને થાંભલે બાંધીને માર મારવામાં આવ્યો હતો. આ ઘટના તિલકવાડા તાલુકા પૂછપુરા ગામના ખેડૂત પિતા-પુત્ર સાથે બની હતી. જાહેરમાં પોતાની સાથે આવી ઘટના બનતા પિતા-પુત્રને માઠું લાગતા પિતા-પુત્રએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. જોકે આસપાસના લોકોએ પિતા-પુત્રને સારવાર અર્થે ડોભાઈની હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા હતા. તિલકવાડા તાલુકા પૂછપુરા ગામના ખેડૂત પિતા-પુત્ર કપાસનું વેચાણ કરવા માટે સંખેડા તાલુકાના હાંદોદ ગામના માર્કેટમાં આવ્યા હતા. જિનના માલિકની ખેડૂત સાથે કપાસની ૭૨૦૦ રૂપિયાના ભાવે ખરીદ્યા બાદ સુકો થવા મુદ્દે રકઝક થઈ હતી અને મારામારી થઈ હતી. આવું થતા જિનના માલિક અને તેના મળતિયાઓ મળીને આ ખેડૂત પિતા-પુત્રોને થાંભલે બાંધીને માર માર્યો હતો.

### ડિજિટલ એરેસ્ટનો ભોગ બનનાર વૃદ્ધના ૧૨.૫૨ લાખ પોલીસે રીકવર કર્યા

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરાના એક વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કર્યા બાદ ૧૨.૫૨ લાખ રૂપિયા ડરાવી ધમકાવીને અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ સાયબર માફીયાઓને પોલીસે ઝડપી પાડીને તેમની પાસેથી પૂરેપૂરી રકમ રિકવર કરી વૃદ્ધને સહી સલામત પરત કરી દેવામાં આવી છે. વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા વૃદ્ધો સહિતના લોકોને સાયબર માફિયા દ્વારા ડિજિટલ એરેસ્ટ કરીને લાખો રૂપિયા પડાવી લેવામાં આવતા હોય છે. આ ઠગો દ્વારા લોકોને તમારા વિદેશ જઈ રહેલા પાર્સલમાંથી ગેરકાયદે વસ્તુ નીકળ્યું છે. જેથી તમારી ધરપકડ કરવામાં આવશે તેવી રીતે ડરાવીને રૂપિયા પડાવવામાં આવે છે. ત્યારે વડોદરા શહેરમાં રહેતા એક વૃદ્ધ જેમનું નામ અતુલભાઈ ત્રિવેદી છે. તેમને એક મહિના પહેલા સાયબર માફિયાઓ દ્વારા ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા.

### વડોદરામાં ગેંડીગેટ રોડ પર જર્જરિત મકાનનો કેટલોક ભાગ ધરાશાયી થયો

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરા શહેરના સીટી વિસ્તારમાં આવેલા ગેંડીગેટ રોડ ઉપર એક મકાનનો ભાગ તૂટીને નીચે પડ્યો હતો. જેમાં કાટમાળ કાર પર પડતા કારને નુકસાન પહોંચ્યું હતું પરંતુ કોઈ જાનહાનિ થઈ ન હતી. વડોદરા શહેરના ચાર દરવાજા વિસ્તારમાં વર્ષો જૂના મકાનો આવેલા છે. આ મકાનો બનાવ્યા ને ઘણો સમય થઈ ગયો હોય ત્યારે બાંધકામ નબળું પ્રવાહના કારણે મોટાભાગના જર્જરિત થઈ ગયા છે. ચોમાસા દરમિયાન હાજર જૈન મકાનોને નોટિસ પણ આપવામાં આવતી હોવાનું સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે.

# વડોદરાની વિશ્વામિત્રીમાં મગરની વસ્તી ગણતરી સંપન્ન

## ગીર ફાઉન્ડેશન, વન વિભાગ અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા બે દિવસ સુધી કામગીરી કરાઇ

। (એજન્સી) વડોદરા, તા.૮ ।





શહેરમાં વિશ્વામિત્રીના વિનાશક પૂરને ખાળવા માટે રાજ્ય સરકાર અને પાલિકા તંત્ર સજ્જ બન્યું છે. વિશ્વામિત્રીની ઉંડાઈ અને પહોળાઈ વધારવા માટે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. પાલિકા દ્વારા હાથ ધરવામાં આવનાર આ અભિયાનને પગલે સૌથી મોટી સમસ્યા વિશ્ર્વામિત્રીમાં વસવાટ કરતા સેંકડો મગરોની છે. જેને લઈ ગીર ફાઉન્ડેશનના નેતૃત્વ નીચે બુધવારથી વિશ્વામિત્રી નદીના ૨૭ કિલોમીટરના વિસ્તારમાં વસવાટ કરતા મગરોની ગણતરી શરૂ કરવામાં આવી હતી. બે દિવસ ચાલેલી આ ગણતરી ગુરૂવારે સંપન્ન થઈ હતી. જો કે વિશ્વામિત્રીમાં કેટલા મગરો વસવાટ કરે છે તેના ડેટા સ્ક્રુટીની કરાયા બાદ ગીર ફાઉન્ડેશન દ્વારા જાહેર કરવામાં આવશે. પરંતુ, એક અંદાજ પ્રમાણે ૪૦૦ કરતાં વધુ મગરનો વિશ્વામિત્રીના પટમાં વસવાટ હોવાનું જાણવા મળે છે. ગીર ફાઉન્ડેશન, વન વિભાગ અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા બુધવારથી વિશ્ર્વામિત્રીના ૨૭ કિલોમીટરના વિસ્તારમાં ૨૫ ટીમો બનાવી ગણતરી હાથ ધરવામાં આવી હતી. દિવસ અને રાતના સમયગાળા દરમિયાન ટીમના સભ્યો દ્વારા ડ્રોન અને ટોર્ચની મદદથી ગણતરી કરી હતી. ગુરૂવારે આ ગણતરી સંપન્ન થઈ હતી. ગીર ફાઉન્ડેશનના ગેહલોતે મિડિયા સાથેની વાતચીત કરતા જણાવ્યું હતું કે ગણતરી પૂર્ણ થઈ છે, પરંતુ તેની સ્ક્રુટીની સહિતની તમામ વિગતો એકત્ર કરી ગીર ફાઉન્ડેશનના ડાયરેક્ટર સુગુર સમક્ષ રજૂ કરવામાં આવશે અને આ આંકડા ગાંધીનગરથી જાહેર કરવામાં આવશે. વર્લ્ડ વાઈલ્ડ ફાઉન્ડેશનના અરવિંદ પવારે જણાવ્યું હતું કે અમારી ટીમને ઝોન-૪માં ગણતરી કરવા માટેની કામગીરી સોંપવામાં આવી હતી. કાલાઘોડાથી લઈ અકોટા બ્રીજ સુધીના વિસ્તારમાં અમારી ગણતરી અનુસાર ૫૦ મગર જોવા મળ્યા છે. આઠ ઝોન પૈકીના આ એક ઝોનમાંથી ૫૦ મગર મળી આવતા એક અંદાજ અનુસાર વિશ્વામિત્રીમાં ૪૦૦થી વધુ મગર વસવાટ કરી રહ્યા હોવાનું તારણ નીકળે છે. અરવિંદ પવારે એવું પણ જણાવ્યું હતું કે વિશ્વામિત્રીના પટનેમોટોકરવામાટેતાજેતરમાંપાલિકા દ્વારા જેસીબીથી હાથ ધરવામાં આવેલી કામગીરીને કારણે મગરના મોટાભાગના બચ્ચાંઓ મોતને ભેટ્યા છે. માદા મગરે મુકેલા ઈંડા પણ આ કામગીરી દરમિયાન નાશ પામ્યા હોવાથી મગરના બચ્ચાં જોવા મળ્યા નથી. પાલિકા દ્વારા મગરોનું સ્થળાંતર કરવાનું જે મિશન હાથ ધરવામાં આવ્યું છે તે મગર માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

### ન્યારી- ૧માં ૬૦૯ એમસીએફટી નીર ઠલવાતા જળાશય છલોછલ

# આજી ડેમમાં નર્મદાનું ૫૭૬ એમસીએફટી પાણી ઠાલવ્યું

#### સરકારની 'સૌની' યોજના થકી ફરી એક વખત ભરશિયાળે શહેરનાં મુખ્ય બે પાણીનાં સ્ત્રોત એવા આજી-૧ અને ન્યારી-૧ ડેમ છલકાય જવા પામ્યા



। (એજન્સી) રાજકોટ, તા.૮ ।

રાજકોટવાસીઓ માટે છેલ્લા ઘણા વર્ષોથી આશિર્વાદરૂપ અને જીવાદોરી સમાન બનેલી સરકારની 'સૌની' યોજના થકી ફરી એક વખત ભરશિયાળે શહેરનાં મુખ્ય બે પાણીનાં સ્ત્રોત એવા આજી-૧ અને ન્યારી-૧ ડેમ છલકાય જવા પામ્યા છે અને આજી-૧ તો ઓવરફ્લો પણ થવા લાગ્યા હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૯ ફૂટની સપાટી ધરાવતો અને ૯૧૭ એમસીએફટી પાણીની સંગ્રહ ધરાવતા આજી-૧ ડેમમાં છેલ્લા એકાદ માસથી આરએમસીની ડિમાન્ડ મુજબ રાજકોટ સિંચાઈ વિભાગની સૌની યોજના અંતર્ગત નર્મદા નીર ઠાલવે છે અને ડેમમાં સતત નવું પાણી આવતા આજે બપોરે ભરશિયાળે આજી-૧ ઓવરફ્લો થઈ ગયો હતો. રાજકોટ સિંચાઈ વિભાગના ઈજનેરી સૂત્રોના જણાવ્યા મુજબ આજીમાં મહિના દિવસથી સૌની યોજનાનું પાણી ઠલવાય છે અને આજ સુધીમાં ડેમમાં ૫૭૬ એમસીએફટી પાણી ઠલવાય ચૂક્યું છે ત્યારે આજે બપોરે ૯૧૭ એમસીએફટીની સંગ્રહ ક્ષમતાવાળા આજીમાં ૮૯૦ એમસીએફટી જેટલું પાણી ઠલવાઈ જતાં ડેમ ઓવરફ્લો થવા લાગ્યો હતો. ડેમની સપાટી ૨૮.૫૦ ફૂટ ઉપર પહોંચી ગઈ હતી, હજુ આજ સાંજ સુધી ડેમમાં નવા નીર ઠાલવવામાં આવનાર છે અને આવતીકાલથી અથવા આજ મોડી રાત્રીથી ડેમમાં પાણી ઠાલવવાનું બંધ કરવામાં આવનાર છે તેમ સિંચાઈ વિભાગનાં ઈજનોરેએ જણાવ્યું હતું. આ ઉપરાંત આજ રોજ આજીની સાથોસાથ રાજકોટનો ન્યારી-૧ ડેમ પણ છલકાય ગયો છે. સિંચાઈ વિભાગનાં જણાવ્યા મુજબ ૨૫ ફૂટે છલકાતો અને ૧૨૪૮ એમસીએફટી પાણીની સંગ્રહ સમતા ધરાવતા ન્યારી-૧ ડેમમાં આજ સુધીમાં ૬૦૯ એમસીએફટી નર્મદાનીર સિંચાઈ વિભાગે ઠાલવી દીધા છે. અને આજે બપોરે ન્યારી-૧ની સપાટી ૨૪.૭૬ ફૂટ ઉપર પહોંચી ગઈ હતી અને ડેમમાં ૧૧૫૫ એમસીએફટી પાણીનો સંગ્રહ ડેમમાં થઈ ગયો છે અને બપોરે ન્યારી-૧ પાણી છલકાય ગયો હતો. સિંચાઈ વિભાગમાં ઈજનેરોનાં જણાવ્યા મુજબ ન્યારી-૧માં હજુ સંભવતઃ એકાદ સપ્તાહ પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવશે. સિંચાઈ વિભાગે એવું પણ જણાવેલ હતું કે હજુ પણ આરએમસી ઉનાળા દરમિયાન વધુ પાણીની ડિમાન્ડ કરશે તો અમારી ફરી પાણી છોડવાની પૂરતી તૈયારી છે.

# મહેસાણા કલેક્ટરની GSRTCમાં MD તરીકે બઢતી સાથે બદલી

## મોટી સંખ્યામાં મહેસૂલી અધિકારી-કર્મીઓએ હાજરી આપી શુભેચ્છાઓ પાઠવી

। (એજન્સી) મહેસાણા, તા.૮ ।



મહેસાણા જિલ્લા કલેક્ટર એમ નાગરાજનની ગાંધીનગર ખાત GSRTCમાં વાઈસ ચેરમેન અને MD તરીકે બઢતી સાથે બદલી થતાં વિદાય સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર એમ નાગરાજને બે વર્ષ દરમિયાન મહેસાણા જિલ્લામાં કરેલ કામગીરીના સંસ્મરણો યાદ કરી અનુભવો વર્ણવ્યા હતા અને આ બે વર્ષ દરમિયાન તેમને મળેલ સહકાર બદલ તમામ અધિકારી, કર્મયોગીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, મહેસાણા ગુજરાતની તાસીર નક્કી કરે છે, આવી જગ્યાએ કામ કરવાની તક મળી એ મારા માટે નસીબની વાત છે અને મેં આ જિલ્લાને જે આપ્યું એનાથી વધારે મને મહેસાણા જિલ્લાએ આપ્યું છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, મહેસાણાએ ડેવલોપમેન્ટ લેબોરેટરી છે. આ મહેસાણામાં શરૂ થયેલું અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ અને ઈનોવેશન મિશન આગામી સમયમાં આ વિસ્તાર માટે ખૂબ ઉપયોગી સાબિત થશે. જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જૈસમીને પણ કલેક્ટર એમ. નાગરાજનને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, જિલ્લા કલેક્ટર એમ. નાગરાજન મહેસાણા જિલ્લા માટે અલોપ્ય શાહી છે. તેમના કાર્યકાળમાં થયેલ કામગીરી મહેસાણા જિલ્લાને હંમેશા યાદ રહેશે. આ પ્રસંગે નિવાસી અધિક કલેક્ટર જે. કે. જેગોડાએ જિલ્લા કલેક્ટરને શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે, કલેક્ટરએ શ્રેષ્ઠતમ લીડરશીપનું ઉદાહરણ પૂરું પાડ્યું છે તેમના માર્ગદર્શનમાં કામ કરીને અનેક કાર્યો સરળ રીતે પૂર્ણ થયા છે અને તેમના દ્વારા શરૂ કરવામાં આવેલ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન મિશન આગામી સમયમાં જિલ્લા માટે ખૂબ મહત્વનું સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જિલ્લા કલેક્ટર એમ. નાગરાજને મહેસાણા જિલ્લા કલેક્ટર તરીકેનો પદભાર ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સાંભળ્યો હતો. આ પ્રસંગે કડી પ્રાંત અધિકારી આશિષ મિયાત્રા, DILR રવિરાજસિંહ ઝાલા, ડેપ્યુટી કલેક્ટર ઋતુરાજસિંહ જાદવે જિલ્લા કલેક્ટરના માર્ગદર્શનમાં ઘણું શીખવા મળ્યું છે તેમ જણાવી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક તરુણ દુગ્ગલ, BSF કમાન્ડન્ટ, પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ભારત સરકાર વન ડિસ્ટ્રીક્ટ-વન પ્રોડક્ટને પ્રોત્સાહન આપે છે

# વાઈબ્રન્ટ ગુજરાતમાં ૨૦૨૪-૨૫ના વર્ષમાં ૨૭૮૦ લઘુ-મધ્યમ ઉદ્યોગો બંધ થઇ ગયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ યોજતા ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી મોટાપાયે લઘુ-મધ્યમ ઉદ્યોગો(એમએસએમઈ) બંધ થઈ જવાનો સિલસિલો ૨૦૨૪-૨૫ના વર્ષમાં પણ યથાવત રહ્યો છે. દેશભરમાં એમએસએમઈ બંધ થવામાં ગુજરાત ત્રીજા નંબરે છે. મોખરાના ઔદ્યોગિક રાજ્ય ગણાતા અને અનેક નીતિઓ જાહેર થતા ગુજરાતમાં અર્થતંત્ર અને રોજગારી માટે આધારરૂપ ગણાતા એમએસએમઈના શટર પડવાની બાબત ગંભીર થઈ રહી છે. ગુજરાતમાં માઈક્રો-લઘુ અને મધ્યમ કક્ષાના ઉદ્યોગો ગણાય તેવા એમએસએમઈ સતત બંધ થઈ રહ્યા છે. લોકસભામાં અપાયેલા આંકડા મુજબ વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૭૮૦ જેટલા લઘુ-મધ્યમ ઉદ્યોગોને તાળુ પડ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૬૭૨૦ જેટલા એમએસએમઈ બંધ થઈ ગયા છે. ૨૦૨૦-૨૧માં ફક્ત ૬૭ એમએસએમઈ બંધ થવાથી થયેલી શરૂઆત હવે ૨૭૮૦ સુધી પહોંચી છે તેના કારણે રાજ્યનો ઉદ્યોગ વિભાગ લઘુ ઉદ્યોગોને બંધ થતા અટકાવવા માટે શું કામગીરી કરી રહ્યો છે તે સવાલ ઔદ્યોગિક વર્તુળોમાં ઉભો થવા પામ્યો છે. રાજ્યમાં એકતરફ મોટાપાયે વાઈબ્રન્ટ સમિટ યોજાય છે અને દેશ-વિદેશના રોકાણકારોને ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટે આમંત્રણ આપી યોગ્ય મદદ કરવામાં આવે છે ત્યારે બીજી તરફ ઘરઆંગણાના ઉદ્યોગોને તાળા વાગી રહ્યા છે.

### આરોપીઓ સામે પોલીસની કાર્યવાહી

# ખ્યાતિ હોસ્પિટલ કાંડના ૮૮ દિવસ બાદ કોર્ટમાં ૫૬૭૦ પાનાની ચાર્જશીટ રજૂ

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ કાંડના આઠ આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ કરાઈ છે. ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓના મોત મુદ્દે કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરાઈ. ક્રાઈમબ્રાન્ચે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ૫,૬૭૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલ દ્વારા કડીના બોરીસણા ગામે ૧૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ કેમ્પ યોજાયો હતો. જેમાં ૨૦ જેટલા દર્દીઓને સારવારની જરૂર હોવાનું કહી અમદાવાદ ખાતે ખ્યાતિ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમની એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. PMJAY યોજનામાંથી પૈસા પાસ કરાવવા દર્દી કે દર્દીના પરિવારની જાણ બહાર ૧૯ દર્દીઓને સ્ટેન્ટ મૂકી દેવાયા હતા. જ્યારે ૧૯ દર્દીઓમાંથી સાત દર્દીઓની એન્જીયોપ્લાસ્ટી કરી દેવાઈ હતી. જે સાત દર્દીઓની એન્જીયોપ્લાસ્ટી કરાઈ હતી, તેમાંથી બે દર્દીનાં મોત થયા છે. એન્જિયોપ્લાસ્ટીના અન્ય ૫ દર્દીઓને ICUમાં દાખલ કરવા પડ્યા હતા. ત્યારે હવે આ કેસમાં ૮૮ દિવસ બાદ વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખ્યાતિ હોસ્પિટલમાં બે દર્દીઓની ખોટી સર્જરી કરીને મૃત્યુ નીપજવા મામલે અમદાવાદના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધવામાં આવી હતી. ત્યારબાદ તેની તપાસ સરકારે ક્રાઈમ બ્રાન્ચને સોંપી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં કુલ નવ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે.

# ભારતીય રેલવેઃ ચાલો કાશ્મીર જઈએ!









। જયા વર્મા સિન્હા ।
ભારતીય રેલવેના પૂર્વ અધ્યક્ષ અને મુખ્ય કાર્યકારી અધિકારી

ચિનાબ નદીના ઊંડા લીલા પાણીને માપતો વિશ્વનો સૌથી ઊંચો રેલવે પુલ, તમને ઠંડા પવનોની સાથે સાહસનો એક અનોખો અનુભવ કરાવે છે. ઊંચી-ઊંચી પર્વતમાળાઓથી ઘેરાયેલો, ચિનાબ નદી પરનો આ પુલ સમુદ્ર સપાટીથી ૩૫૯ મીટર ઉપર છે - ઊંચાઈમાં એફિલ ટાવર કરતા ૩૫ મીટર ઊંચો છે, અને કુતુબ મિનાર કરતા લગભગ પાંચ ગણો ઊંચો છે! વાદળોનો મુગટ પહેરીને, પર્વતોની છાતી પર પહોળા અને મજબૂત પાયાના ટેકા સાથે મજબૂત રીતે ઉભો રહેલો, આ પુલ ભારતીય રેલવેની ટેકનિકલ ચેતનાનું પ્રતીક તો છે જ, ઉપરાંતમાં આધુનિકીકરણ માટેની આપણી આકાંક્ષાઓની યાદ પણ અપાવે છે. અત્યાધુનિક મશીનરી અને જાળવણીથી સજ્જ, ૨૬૬ કિમી પ્રતિ કલાકની ઝડપે પવનનો સામનો કરવા સક્ષમ, ચિનાબ બ્રિજ ઉધમપુર - શ્રીનગર - બારામુલ્લા રેલવે લિંક (USBRL) ની ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓનું દ્યોતક છે.

લગભગ રૂા. ૩૭,૦૦૦ કરોડના ખર્ચે નિર્મિત, USBRL ની ૨૭૨ કિમી લાંબી રેલવે લાઈન વિશ્વના સૌથી જટિલ અને પડકારજનક પ્રોજેક્ટ્સમાંની એક છે.

દુર્ગમ ઊંડી ખીણો અને ઊંચા પર્વતોમાંથી પસાર થતી આ રેલવે લાઈન ૯૪૩ પુલો અને ૩૬ મુખ્ય ટનલોમાંથી પસાર થાય છે, જેમાં ભારતની સૌથી લાંબી રેલવે ટનલ, T-50, જે ૧૨.૭૭ કિમી લાંબી છે, તેનો સમાવેશ થાય છે. USBRLના કટરા-બનિહાલ સેક્શન પર ભારતનો પહેલો કેબલ-સ્ટેડ રેલવે બ્રિજ, અંજી ખડ્ડ બ્રિજ છે. ૯૬ કેબલ્સના આધારે ટકેલો, સમુદ્રની સપાટીથી ૩૩૧ મીટર ઊંચો અને ૭૨૫ મીટર લાંબો, આ પુલ ડિઝાઈન અને એન્જિનિયરિંગનો અજાયબી છે.

કાશ્મીરને વ્યાપક અને નિર્વિરોધ કનેક્ટિવિટી પૂરી પાડતી આ લાઈન વિશ્વના કેટલાક સૌથી આકર્ષક અને સુંદર પરિદ્રશ્યોને પણ પોતાના અનુભવોમાં સમાવે છે. આ રેલવે લિંકમાં પર્યટન, વેપાર અને સુરક્ષાને વેગ આપવાની ક્ષમતા છે જેનાથી જમ્મુ અને કાશ્મીરના સામાજિક-આર્થિક પરિદ્રશ્યમાં પણ પ્રગતિ થશે. આ લાઈન પર બનેલા રેલવે સ્ટેશનો જમ્મુ અને કાશ્મીરની પ્રગતિ, સુરક્ષા અને સમૃદ્ધિ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કાઝીગુંડ, જેને 'કાશ્મીર ખીણનો પ્રવેશદ્વાર' તરીકે પણ ઓળખવામાં આવે છે, તે દક્ષિણ કાશ્મીર અને પૂર્વીય પ્રદેશો વચ્ચે એક મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરે છે. પમ્પોર, શ્રીનગર, સોપોર અને અનંતનાગ સ્ટેશનો કાશ્મીર ખીણમાં આર્થિક પ્રવૃત્તિના મુખ્ય કેન્દ્રો છે. આ ઉપરાંત, રિયાસી અને કટરા સ્ટેશનો માતા વૈષ્ણોદેવી મંદિરની નજીક હોવાને કારણે આધ્યાત્મિક અને આર્થિક દ્રષ્ટિકોણથી પણ મહત્વપૂર્ણ છે.

ટૂંક સમયમાં, કટરાથી શ્રીનગર સુધીની અત્યાધુનિક વંદે ભારત ટ્રેનનું USBRL રેલવે લાઈન પર નિયમિતપણે સંચાલન થશે, જેની આપણે બધા દેશવાસીઓ પણ આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ! અહીં સંચાલિત થનારી વંદે ભારત એક્સપ્રેસ ખાસ કરીને કાશ્મીરની ઠંડી અને હિમવર્ષાની પડકારજનક પરિસ્થિતિઓમાં સુગમ સંચાલન માટે વિશેષરૂપે તૈયાર કરવામાં આવી છે. આધુનિક સુવિધાઓ ઉપરાંત, તેની અદ્યતન હીટિંગ સિસ્ટમ્સ એ સુનિશ્ચિત કરે છે કે આ ટ્રેન, શૂન્યથી નીચેના તાપમાનમાં પણ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ પ્રદાન કરાવે. ડ્રાઈવરની સામેના કાચમાં પણ હીટિંગ ઉપકરણો લગાવવામાં આવ્યા છે, જેથી ઠંડીમાં પણ સ્પષ્ટ દ્રશ્યતા થઈ શકે. કાશ્મીરની પોતાની વંદે ભારત વિશ્વ કક્ષાની યાત્રા માટે તૈયાર છે.

'કાશ્મીરથી કન્યાકુમારી' સુધી ભારત હંમેશા એક રહ્યું છે. ભારતીય રેલવેની આ નવનિર્મિત રેલવે લાઈન, આ ક્ષેત્રમાં વર્ષોથી અટકેલા વિકાસ કાર્યને પૂર્ણ કરવાની સાથે કાશ્મીરને નિર્વિરોધ રેલવે કનેક્ટિવિટી પૂરી પાડી રહી છે, જેની સાથે જ સમગ્ર પ્રદેશ વિકાસના નવા પરિમાણો સ્થાપિત કરશે.

કાશ્મીર ખીણના ચોકીદાર પીર પંજાલ, બનિહાલ ટનલમાંથી પસાર થતી ટ્રેનના પૈડાના મધુર સંગીતની રાહ જુએ છે! ખરેખર, કાશ્મીર હવે બહુ દૂર નથી!

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



પ્રયાગરાજ નજીક મહાકુંભ મેળા દરમિયાન પ્રયાગરાજ-પ્રતાપગઢ રોડ અને લખનૌ હાઇવે પર અટવાયેલા વાહનોનું હવાઈ દૃશ્ય.

### નવા વનડે કેપ્ટનને લઈને એક નવું નામ આવ્યું સામે

# હાર્દિક પંડ્યા જલ્દી ભારતીય ટીમનો વનડે કેપ્ટન બની શકે

### ૧૯ ફેબ્રુઆરીથી શરૂ થઈ રહેલી આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી બાદ રોહિત શર્માના ભવિષ્ય પર નિર્ણય થઈ શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ચેમ્પિયન્સ ટ્રોફીનું પરિણામ રોહિત શર્માના ભવિષ્ય પર નિર્ણય કરી શકે છે. ટીમ ઈન્ડિયામાં એક વિસ્ફોટક ખેલાડી એવો છે, જે રોહિત શર્મા બાદ ભારતીય ક્રિકેટ ટીમનો વનડે કેપ્ટન બની શકે છે. એક રિપોર્ટ અનુસાર સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા જલ્દી ભારતીય ટીમનો વનડે કેપ્ટન બની શકે છે. લાંબા સમયથી હાર્દિક પંડ્યાને રોહિત શર્માનો ઉત્તરાધિકારી જોવામાં આવી રહ્યો છે. હાર્દિક પંડ્યા આ પહેલા સ્ટેન્ડઈન કેપ્ટન રહી ચૂક્યો છે. પરંતુ પાછલા વર્ષે ટી૨૦ વિશ્વકપ બાદ બીસીસીઆઈએ અચાનક સૂર્યકુમાર યાદવને ભારતનો ફુલ ટાઈમ ટી૨૦ કેપ્ટન બનાવી દીધો હતો. ત્યારે હાર્દિક પંડ્યાને નજરઅંદાજ કરવામાં આવ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફી માટે શુભમન ગિલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. તાજેતરમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ સમાપ્ત થયેલી ટી૨૦ સિરીઝમાં અક્ષર પટેલ વાઈસ કેપ્ટન હતો. એક



રિપોર્ટ અનુસાર જો ટીમ ઈન્ડિયા આગામી ચેમ્પિયન્સ ટ્રોફી જીતવામાં નિષ્ફળ રહે છે તો હાર્દિક પંડ્યા ભારતનો નવો વનડે કેપ્ટન બની શકે છે. રિપોર્ટમાં ખુલાસો થયો છે કે હેડ કોચ ગૌતમ ગંભીર ઈચ્છતા હતા કે હાર્દિક પંડ્યા વાઈસ કેપ્ટન બને, પરંતુ રોહિત શર્મા અને અજીત અગરકર શુભમન ગિલની પસંદગી પર રાજી હતા. રિપોર્ટમાં તે પણ કહેવામાં આવ્યું કે હાર્દિક પંડ્યા ટી૨૦માં પોતાની કમાન ફરી હાસિલ કરી શકે છે, કારણ કે વર્તમાન કેપ્ટન સૂર્યકુમાર યાદવ ખરાબ ફોર્મમાં છે.

## ન્યૂઝ બ્રિફ

### મોંઘવારી ભથ્થાને લઈને સરકાર કરી શકે છે મોટી જાહેરાત



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કેન્દ્ર સરકાર ફેબ્રુઆરીના અંત સુધીમાં કેન્દ્રીય કર્મચારીઓને ભેટ આપી શકે છે. સરકાર મોંઘવારી ભથ્થા (DA)માં વધારાની જાહેરાત કરી શકે છે. રિપોર્ટ્સ મુજબ, આ વખતે સરકાર કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૩ ટકાનો વધારો કરી શકે છે. DAમાં આ વધારો ૧ જાન્યુઆરી, ૨૦૨૫થી લાગુ માનવામાં આવશે. જોકે, જો આપણે પાછલા વર્ષોના રેકોર્ડ પર નજર કરીએ તો સરકારે જાન્યુઆરીથી DA વધારવાનો નિર્ણય ફેબ્રુઆરીના અંતમાં અને માર્ચની શરૂઆતમાં જ કર્યો છે. સરકાર હોળીના તહેવાર પહેલા મોંઘવારી ભથ્થું વધારી શકે છે. સરકાર વર્ષમાં બે વાર DAમાં વધારો કરે છે, ૧ જાન્યુઆરી અને ૧ જુલાઈ. ગયા વર્ષે પણ DAમાં વધારો ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં કરવામાં આવ્યો હતો. પરંતુ તેને લાગુ ૧ જુલાઈથી માનવામાં આવ્યો હતો, એટલે કે તેની ગણતરી ૧ જુલાઈથી કરવામાં આવી હતી. સરકારે ઓક્ટોબરમાં DAમાં ૩ ટકાનો વધારો કર્યો હતો. ત્યારે DA ૫૦ ટકાથી વધીને ૫૩ ટકા થઈ ગયો હતો. આ પહેલા માર્ચ ૨૦૨૪માં DAમાં ૪ ટકાનો વધારો કરાયો હતો. ત્યારે મોંઘવારી ભથ્થું ૪ ટકા વધવાથી બેઝિક પગારના ૫૦ ટકા થઈ ગયું હતું. હવે DA બેઝિક પગારના ૫૩ ટકા છે. સાથે જ પેન્શનરો માટે મોંઘવારી રાહત (DR) પણ ૫૩ ટકા છે.

### ૨૦૩૦માં કોંગ્રેસ બનાવશે દિલ્હીમાં સરકાર: કોંગ્રેસ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો પર કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે એક નિવેદન આપતાં કહ્યું કે, ૨૦૨૫ની દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામો અરવિંદ કેજરીવાલ અને આમ આદમી પાર્ટી પર લોકમત સિવાય બીજું કંઈ નથી. તેમણે કહ્યું કે, ૨૦૧૫ અને ૨૦૨૦ માં જ્યારે વડાપ્રધાનની લોકપ્રિયતા ચરમસીમાએ હતી, ત્યારે પણ AAP એ દિલ્હીમાં નિર્ણાયક જીત મેળવી હતી. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું, ‘દિલ્હી ચૂંટણી પરિણામો વડાપ્રધાનની નીતિઓ પર મહોર નથી, પરંતુ, આ જનાદેશ અરવિંદ કેજરીવાલના કપટ, છેતરપિંડી અને સિદ્ધિઓના અતિશયોક્તિપૂર્ણ દાવાઓની રાજનીતિને નકારી કાઢે છે. કોંગ્રેસ પાર્ટીએ અરવિંદ કેજરીવાલના શાસન દરમિયાન થયેલા વિવિધ કૌભાંડોને ઉજાગર કરવામાં મહત્ત્વની ભૂમિકા રહી છે. દિલ્હીના મતદારોએ આમ આદમી પાર્ટીના બાર વર્ષના કુશાસન પર પોતાનો ચુકાદો સંભળાવ્યો છે.’ દિલ્હીમાં કોંગ્રેસની સરકાર બનાવવા પર તેમણે કહ્યું, ‘કોંગ્રેસને આ ચૂંટણીમાં સારા પ્રદર્શનની આશા હતી. જોકે, પાર્ટીએ પોતાનો વોટ હિસ્સો વધાર્યો છે. કોંગ્રેસનો ચૂંટણી પ્રચાર શાનદાર રહ્યો. પાર્ટી ભલે વિધાનસભા જીતી ન શકી હોય, પરંતુ દિલ્હીમાં તેની મજબૂત હાજરી છે, જે લાખો કોંગ્રેસ કાર્યકરોના સતત પ્રયાસોથી વધુ મજબૂત બનશે.

### ઈઝરાયેલના PM સામે એરેસ્ટ વોરંટ જાહેર થતાં અમેરિકાએ આંતરરાષ્ટ્રીય સંગઠનનું નાક દબાવ્યું

# USના પ્રતિબંધો સામે સંગઠિત થવા ઈન્ટર. ક્રિમિનલ કોર્ટની સભ્ય દેશોને હાકલ

। (એજન્સી) હેગ, તા.૮ ।

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે લાદેલા પ્રતિબંધો સામે ઊભા થવા ધ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ દ્વારા સભ્ય દેશોને હાકલ કરવામાં આવી છે. સંસ્થાની સ્વતંત્ર અને નિષ્પક્ષ ન્યાયિક કામગીરીને હાનિ પહોંચાડવા અમેરિકાએ આ પગલું લીધું હોવાનો દાવો પણ થયો છે. નેધરલેન્ડના હેગ ખાતે આવેલી કોર્ટના સત્તાવાર નિવેદનમાં અમેરિકાના આ પગલાંને વખોડી કાઢવાની સાથે સમગ્ર વિશ્વમાં અત્યાચારથી પીડાતા લાખો લોકોને ન્યાય અપાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી હતી. ગાઝા પટ્ટીમાં કથિત યુદ્ધ અપરાધો બદલ ધ ઈન્ટરનેશનલ ક્રિમિનલ કોર્ટ (ICC) દ્વારા ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ સામે ગત વર્ષે એરેસ્ટ વોરંટ જારી કરવામાં આવ્યુ હતું. જેના જવાબમાં વ્હાઈટ હાઉસ દ્વારા એક્ઝિક્યુટિવ ઓર્ડર ગુરુવારે જારી થયો હતો અને અમેરિકા તથા તેના નિકટના સાથી દેશ ઈઝરાયલ




સામેની કાર્યવાહીને ગેરકાયદે-પાયાવિહોણી ગણાવવામાં આવી હતી. હેગ ખાતે આવેલી ICC દ્વારા અમેરિકાના આ પગલાની ટીકા કરવામાં આવી છે. ICCની સત્તાવાર યાદી મુજબ, સમગ્ર વિશ્વમાં અત્યાચારનો ભોગ બની રહેલા લાખો લોકોને ન્યાય અપાવવા અને તેમને નવી આશા આપવાની દિશામાં કોર્ટ તથા તેના સભ્યો કોઈ કચાશ રાખશે નહીં. ICCના તમામ ૧૨૫ સભ્ય દેશો સહિત સમગ્ર સભ્ય સમાજને મૂળભૂત માનવઅધિકાર અને ન્યાય માટે સંગઠિત થવા માટે હાકલ કરવામાં આવી છે. અમેરિકા દ્વારા ICCના અધિકારી, કર્મચારી અને તેમનાં પરિવારજનો સામે સહ્યથી માંડીને આકરાં પગલાની શક્યતા છે. ICCમાં ઉલ્લંઘન કરનારાની મિલકતો જપ્ત થઈ શકે છે અને તેમને અમેરિકામાં પ્રવેશ પર પણ પ્રતિબંધ આવી શકે છે. અગાઉ માનવ અધિકાર સંગઠનોએ અમેરિકાના પગલાની ટીકા કરી હતી અને તેનાથી વિવિધ સમૂહો પર અત્યાચાર વધવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ICC પર પ્રતિબંધો મૂકતા હુકમને મંજૂરી આપી દીધી છે. અમેરિકા અને વિશ્વાસુ સાથી દેશ ઈઝરાયલને ખોટી રીતે હેરાન કરાતા હોવાના દાવા સાથે આ આ પગલું લેવામાં આવ્યું છે. ટ્રમ્પ સરકારે જાહેર કરેલાં પગલાંમાં ICCની તપાસમાં મદદ કરનારા અમેરિકન નાગરિકો અને મદદગારો પર વિઝાના અંકુશ તથા આર્થિક અંકુશો મૂકવામાં આવ્યા છે.

### ૨૩ હિન્દુઓના મોત, ૧૫૨ મંદિરો પર હુમલો

# સરકારે બાંગ્લાદેશમાં બિન-મુસ્લિમો પરના અત્યાચારની માહિતી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

સરકારે શુક્રવારે જણાવ્યું કે ઓગસ્ટથી અત્યાર સુધી બાંગ્લાદેશમાં ૨૩ હિન્દુઓના મોત અને હિન્દુઓ પર હુમલાની ૧૫૨ ઘટનાઓ સામે આવી છે. વિદેશ રાજ્યમંત્રી કીર્તિ વર્ધન સિંહે લોકસભામાં એક સવાલના લેખિત જવાબમાં તે પણ કહ્યું કે છેલ્લા બે મહિના (૨૬ નવેમ્બર ૨૦૨૪થી ૨૫ જાન્યુઆરી ૨૦૨૫ સુધી) દરમિયાન બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હુમલાની ૭૬ ઘટનાઓ સામે આવી છે. તેના જવાબમાં તેમણે કહ્યું કે ઓગસ્ટથી અત્યાર સુધીમાં બાંગ્લાદેશમાં હિન્દુઓના મંદિરો પર હુમલાની ૨૩ ઘટનાઓ અને ૧૫૨ હિન્દુઓના મોત થયા છે. મંત્રીએ કહ્યું કે ભારત સરકારે બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ હિંસાની ઘટનાઓની નોંધ લીધી છે અને બાંગ્લાદેશ સરકાર સાથે તેની ચિંતાઓ શેર કરી છે. સિંહે કહ્યું કે કેન્દ્રએ બાંગ્લાદેશમાં



હિન્દુઓ અને અન્ય અલ્પસંખ્યકો વિરુદ્ધ હિંસાની ઘટનાઓ પર ધ્યાન આપ્યું છે અને બાંગ્લાદેશ સરકારની સાથે પોતાની ચિંતાઓ વ્યક્ત કરી છે. સિંહે કહ્યું- વિદેશ સચિવની ૯ ડિસેમ્બર ૨૦૨૪ની બાંગ્લાદેશ યાત્રા દરમિયાન હિન્દુઓ અને અલ્પસંખ્યકોની સુરક્ષા વિશે ભારતની અપેક્ષાઓ જણાવવામાં આવી હતી. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ના બાંગ્લાદેશ સરકારે એક પ્રેસ વાર્તામાં જાહેર કર્યું હતું કે બાંગ્લાદેશમાં અલ્પસંખ્યકો વિરુદ્ધ હુમલાથી સંબંધિત ૮૮ મામલામાં ૭૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

### ભારતે નારાજગી વ્યક્તિ કરી

# અમેરિકા ભારતીયો સાથેની આ પ્રકારનું અમાનવીય વર્તણૂક ટાળી શક્યું હોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

અમેરિકામાં ગેરકાયદે વસતાં ભારતીયોને અમાનવીય રીતે સ્વદેશ પરત મોકલવાના મુદ્દે ભારતે અમેરિકા સમક્ષ નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, અમેરિકા આ પ્રકારનું અમાનવીય વર્તન ટાળી શક્યું હોત. વિદેશ સચિવ વિક્રાંત મિસરીએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, અમે આ મુદ્દે અમેરિકા સમક્ષ નારાજગી રજૂ કરી હતી અને તેમને જણાવ્યું હતું કે આ પ્રકારની સ્થિતિ નિવારી શકાઈ હોત. મિસરીએ વધુમાં જણાવ્યું હતું કે, હજી ૪૮૭ ભારતીય નાગરિકો એવા છે જેમને દેશનિકાલના આદેશો જારી કરવામાં આવ્યા છે, આ પૈકીના ૨૯૮ નાગરિકોની માહિતી ભારતને આપવામાં આવી છે. અમેરિકા દ્વારા સોંપાયેલી માહિતીની હાલ ચકાસણી કરાઈ રહી હોવાનું



તેમણે જણાવ્યું હતું. ૨૦૧૨માં ગેરકાયદે ભારતીય વસાહતિઓને હાથકડી અને બેડી પહેરાવીને ભારત પરત મોકલાયા હતાં, શું તે વખતે ભારતે અમેરિકા સમક્ષ તેનો વિરોધ નોંધાવ્યો હતો કે કેમ તેવા એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે, ગેરકાયદે વસાહતિઓને બંદી બનાવી દેશનિકાલ કરવાની અમેરિકાની નીતિ ૨૦૧૨ની સાલથી અમલી છે. આ અગાઉ ક્યારેય આ મામલે વિરોધ નોંધાયો હોવાની મને જાણ નથી કે ક્યાંય સત્તાવાર નોંધ પર પણ નથી.

### બીજી ડિપોર્ટેશન ફ્લાઈટની તૈયારી?

## અમેરિકાએ ૨૯૫ ઈન્ડિયન્સના નામોનું લિસ્ટ ઈન્ડિયાને મોકલ્યું




। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

પહેલી બેંચમાં ૧૦૪ ઈન્ડિયન્સને ડિપોર્ટ કર્યા બાદ હવે અમેરિકાએ વધુ ૪૮૭ લોકોને રવાના કરવાની તૈયારી શરૂ કરી છે, જેમાંથી ૨૯૫ ઈમિગ્રન્ટ્સના નામોનું લિસ્ટ ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયાને મોકલી દેવાયું છે. આ પહેલા અમેરિકાએ ૨૦૩ લોકોનાં નામ ઈન્ડિયા સાથે શેર કર્યા હતા જેમાંથી બુધવારે ૧૦૪ લોકોને પરત મોકલવામાં આવ્યા હતા, તે સિવાયના જે ૯૯ લોકો હજુ બાકી રહ્યા છે તેમાંથી ૯૬ લોકોની સિટીઝનશિપ વેરિફાઈ થઈ ચૂકી છે, જેમને હવે નેક્સ્ટ ડિપોર્ટેશન ફ્લાઈટમાં ઈન્ડિયા મોકલી શકાય છે. ટ્રમ્પ ૨.૦ના ગણતરીના દિવસોમાં જ ૪૯૮ ઈન્ડિયન્સને ડિપોર્ટ કરવાની તૈયારી શરૂ થઈ ગઈ છે અને જે ઝડપથી પહેલી રિમૂવલ ફ્લાઈટ આવી હતી તેને જોતા લાગી રહ્યું છે કે આગામી દિવસોમાં આવી બીજી કમસે કમ ચારથી પાંચ રિમૂવલ ફ્લાઈટ્સ ઈન્ડિયા લેન્ડ થઈ શકે છે. જોકે, મિલિટરી એરક્રાફટમાં લવાયેલા ઈન્ડિયન્સના હાથ-પગ સાંકળથી બાંધવામાં આવ્યા હોવાના મુદ્દે મોટો વિવાદ થતાં વિદેશ મંત્રાલય અન્ય વિકલ્પો પર પણ વિચાર કરી રહ્યું છે, પરંતુ તેના સચિવ વિક્રમ મિસરીએ ભારત સરકાર પોતાના સિટીઝન્સને પાછા લાવવા કોઈ એરક્રાફ્ટ અમેરિકા મોકલશે કે કેમ તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી કરી. અમેરિકાના આ વલણ સામે બ્રાઝિલ અને કોલંબિયા જેવા દેશોએ પણ સખ્ત વાંધો વ્યક્ત કર્યો હતો ત્યારે ઈન્ડિયાએ અમેરિકા સમક્ષ કોઈ વિરોધ નોંધાવ્યો છે કે કેમ તે અંગે ટાઈમ્સ ઓફ ઈન્ડિયા દ્વારા પૂછાયેલા સવાલનો જવાબ આપતા વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે ભારતે આ મામલે પોતાની ચિંતા વ્યક્ત કરી છે. વિક્રમ મિસરીએ ફેબ્રુઆરી ૦૬ના રોજ એક પ્રેસ કોન્ફરન્સ સંબોધતા જણાવ્યું હતું કે અગાઉ પણ અમેરિકા દ્વારા ડિપોર્ટેશન ફ્લાઈટ્સ ઈન્ડિયા મોકલવામાં આવી છે, પરંતુ ટ્રમ્પ ૨.૦માં આવેલી ફ્લાઈટ અલગ હતી.



નવી દિલ્હીમાં આરબીઆઈના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથેની મીટિંગ અંગેની પ્રેસ કોન્ફરન્સને સંબોધતા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રા સાથે નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરી પણ જોવા મળ્યા.

### ઈસ્કોન કેમ્પમાં લાગેલી આગ ઝડપથી એક ડઝનથી વધુ કેમ્પમાં ફેલાઈ ગઈ

# મહાકુંભની આગમાં ડઝનબંધ મંડપ ખાક : જાનહાની ટળી

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૮ ।

મહાકુંભ મેળા વિસ્તારમાં ફરી એકવાર આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. આ ઘટનામાં ઘણા મંડપ બળીને રાખ થઈ ગયા હતા. ફાયર બ્રિગેડે ઝડપી કાર્યવાહી કરી અને કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલાં આગ પર કાબુ મેળવી લીધો હતો. એક અધિકારીએ માહિતી આપતા જણાવ્યું કે, શુક્રવારે મહાકુંભ નગરમાં આવેલા ઈસ્કોન કેમ્પમાં આગ લાગી હતી અને તે ઝડપથી નજીકના એક ડઝનથી વધુ કેમ્પમાં ફેલાઈ ગઈ હતી, જેના કારણે તે બળીને ખાખ થઈ ગયા હતા. સદનસીબે આ ઘટનામાં



જાનહાનિના કોઈ અહેવાલ નથી. ચીફ ફાયર ઓફિસર પ્રમોદ શર્માના જણાવ્યા મુજબ સવારે ૧૦:૩૫ વાગ્યે આગની જાણ થઈ હતી, ત્યારબાદ લગભગ એક ડઝન પાણીના ટેન્ડર ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા. સેક્ટર ૧૮માં આવેલા ઈસ્કોન કેમ્પમાં આગ લાગી હોવાની માહિતી મળતાં તાત્કાલિક ફાયર ટેન્ડરો મોકલવામાં આવ્યા હતા.

## તંત્રી લેખ...

# ૧૨ વર્ષ બાદ દિલ્લીમાંથી આમ આદમી પાર્ટીનો સફાયો

અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી દિલ્હીમાં ચૂંટણી હારી રહી છે. શરૂઆતથી જ ભારતીય જનતા પાર્ટી બહુમતીના આંકડાથી આગળ ચાલી રહી હતી. ચાલો જાણીએ કે દિલ્હીમાં આમ આદમી પાર્ટી (AAP) સરકારની હારના પાંચ મુખ્ય કારણો શું છે? દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP) ૨૭ વર્ષ બાદ સત્તામાં વાપસી કરી રહી છે. અરવિંદ કેજરીવાલની આગેવાની હેઠળની આમ આદમી પાર્ટીને આ વખતે ઝટકો લાગ્યો છે. અણ્ણા આંદોલનમાંથી ઉભરી આવેલી આમ આદમી પાર્ટીએ ૨૦૧૩માં પહેલીવાર ચૂંટણી લડીને સૌને ચોંકાવી દીધા હતા. ત્યારબાદ પાર્ટીએ દિલ્હીમાં ૨૬ સીટો જીતી હતી અને કોંગ્રેસ સાથે મળીને સરકાર પણ બનાવી હતી. આ પછી, પાર્ટીએ ૨૦૧૫ની વિધાનસભા ચૂંટણીમાં ૬૭ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં ૬૨ બેઠકો જીતી હતી. આ વખતે પાર્ટી લગભગ ૨૫ સીટો સુધી સીમિત દેખાઈ રહી છે. આ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર થઈ છે. પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ પોતે નવી દિલ્હી સીટ પરથી ચૂંટણી હારી ગયા છે. ચાલો જાણીએ કે દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હારના મુખ્ય પાંચ કારણો શું હતા? અરવિંદ કેજરીવાલ પર ભ્રષ્ટાચારના આરોપો : દિલ્હીમાં સત્તામાં ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના વચન સાથે અરવિંદ કેજરીવાલ મુખ્યમંત્રીની ખુરશી પર બેઠા હતા. જ્યારે અરવિંદ કેજરીવાલ સીએમ હતા ત્યારે તેમના ઘણા મંત્રીઓ ભ્રષ્ટાચારના મામલામાં ફસાયા હતા અને રાજીનામું આપવું પડ્યું હતું. આ સાથે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પણ દારૂ કૌભાંડનો આરોપ લાગ્યો હતો. અરવિંદ કેજરીવાલ જ્યારે સીએમ હતા ત્યારે તેમને આ આરોપોમાં જેલ પણ જવું પડ્યું હતું.

# કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે 'X' પર ભારતના ડ્રગ સિન્ડિકેટ સામે મોટી સફળતા વિશે પોસ્ટ કરી





## જાન્યુઆરીમાં ૨૦૦ ગ્રામ કોકેનની અગાઉની જપ્તી પછી સતત ખાનગી માહિતી એકત્ર કરવા અને ઓપરેશનલ ખંતનું સીધું પરિણામ હતું

કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકારિતા મંત્રી અમિત શાહે, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) દ્વારા મુંબઈમાં એક મહત્વપૂર્ણ ડ્રગ નેટવર્કને નાબૂદ કરવાની સાથે ભારતની ડ્રગ સિન્ડિકેટ સામે એક મોટી સફળતા વિશે એક્સ પ્લેટફોર્મ પર પોસ્ટ કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનાં નશીલા દ્રવ્યોથી મુક્ત ભારત (નશા મુક્ત ભારત)નાં વિઝનને સાકાર કરવા માટે અપનાવવામાં આવેલી તપાસમાં ટોપ-ટુ-બોટમ અભિગમની સફળતાનો પુરાવો છે. કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહે ઠ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''ભારત શૂન્ય સહિષ્ણુતા સાથે ડ્રગ કાર્ટેલને કચડી નાખે છે. મુંબઈમાં ખૂબ જ હાઈ-ગ્રેડ કોકેન, ગાંજો અને ગાંજાની ગુમ્મી જપ્ત કરવામાં અને ચાર લોકોની ધરપકડ કરવામાં મોટી સફળતા મળી છે. આ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના ડ્રગ-મુક્ત ભારત માટેના વિઝનને સાકાર કરવા માટે અપનાવવામાં આવેલા તપાસમાં ટોપ-ટુ-બોટમ અભિગમની સફળતાનો પુરાવો છે. ટીમ નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોને આ વ્યાપક સફળતા બદલ અભિનંદન.'' આ જપ્તી ટીમ એનસીબી મુંબઇ દ્વારા જાન્યુઆરી, ૨૦૨૫ના મહિનામાં ૨૦૦ ગ્રામ કોકેઇનની તાજેતરની જપ્તી દરમિયાન બાતમી પર કરવામાં આવેલા નક્કર પ્રયત્નોનું પરિણામ હતું. આ કિસ્સામાં અને ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સ દ્વારા જનરેટ કરવામાં આવેલી લીડ્સ પર કામ કર્યા પછી, એનસીબીનું મુંબઇ ઝોનલ યુનિટ (એમયુ) આખરે પ્રતિબંધિત માલના સ્ત્રોત સુધી પહોંચવામાં સફળ રહ્યું હતું અને ૧૧.૫૪૦ કિલોગ્રામ ખૂબ જ હાઈ ગ્રેડ કોકેઇન, ૪.૯ કિલો હાઈબ્રિડ સ્ટ્રેઈન હાઇડ્રોપોનિક વીડ / ગાંજો અને ૨૦૦ પેકેટ (૫.૫ કિલો) કેનાબીસ ગુમ્મીઝ અને રૂ. ૧૬૦૦૦૦/- નો મુદ્દામાલ ૩૧-૦૧ -૨૦૨૫ના રોજ નવી મુંબઈ, મહારાષ્ટ્રમાંથી મળી આવ્યો હતો. આ કિસ્સામાં, મુંબઈની એક આંતરરાષ્ટ્રીય કુરિયર એજન્સી પાસેથી પ્રારંભિક રિકવરી ઓસ્ટ્રેલિયા જનારા પાર્સલમાંથી મળી હતી. એનસીબી એમઝેડયુ જથ્થાબંધ જથ્થાના પુરવઠાને પાછળ ધકેલવામાં સફળ રહી હતી, જે મહારાષ્ટ્રના નવી મુંબઈ ખાતે છુપાવવામાં આવ્યો હતો. અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી તપાસમાં બહાર આવ્યું છે કે આ સિન્ડિકેટનું સંચાલન વિદેશમાં સ્થિત લોકોના એક જૂથ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને જપ્ત કરવામાં આવેલા પ્રતિબંધિત કેટલોક જથ્થો યુએસએથી મુંબઇ લાવવામાં આવ્યો હતો અને કુરિયર / નાના કાર્ગો સેવાઓ અને માનવ કેરિયર્સ દ્વારા ભારત અને વિદેશના અનેક રીસીવરને મોકલવામાં આવ્યો હતો. આ કિસ્સામાં સંડોવાયેલી વ્યક્તિઓ એકબીજા માટે અનામી છે, ડ્રગના વ્યવહાર પર રોજબરોજની વાતચીત માટે સ્યુડો-નામોનો ઉપયોગ કરે છે. આ કેસમાં અત્યાર સુધીમાં ચાર લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત ડ્રગ સિન્ડિકેટના આગળ પાછળનાં છેડા શોધવા માટે તપાસ ચાલી રહી છે.

## શુદ્ધ ઇન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઇન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી

# ભગવાનને સાધ્ય માનો, સંસારના સુખને નહીં, કથા કોઇને હસાવવા માટે નથી, કથા ઈશ્વરને રાજી કરવા માટે છે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે, વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળવાથી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે, આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા-સાધન છે, માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો, ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો, દરેક સત્કર્મના આરંભમાં શાંતિપાઠ કરવામાં આવે છે, તેનો મંત્ર છે કે હે દેવ! બંને કાન વડે અમે ભદ્ર વચનો સાંભળી એ! કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય. ગોર મહારાજ આંખે, કાને પાણી અડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે.**



દિલ્હી વિધાન સભા ચૂંટણીના પરિણામ જાહેર થયા હવે પ્રજા અને વિસ્તારે પાંચ વર્ષમાં કેવો વિકાસ કરે છે તે જ જોવાનું. પાણી પ્રદૂષણ જેવા અનેક પ્રશ્નોનું શું થાય છે એ જ મહત્વનું રહેશે. બાકી સિતેરમાંથી સિત્તેર આવે તો આશ્ચર્ય ન અનુભવતા આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો માયા મનને ચંચળ બનાવે છે.માયા મનુષ્યને સમજાવે છે કે,સ્ત્રી વગેરેમાં જ સુખ છે.મનુષ્યને માયા હરાવે છે. મનુષ્યની હાર થાય છે,માયાની જીત થાય છે. કારણ મનુષ્ય-ભગવાનનો પાલવ પકડતો નથી. કથા ભજનમાં ઈશ્વરનો પ્રેમથી જયજયકાર કરવો. માયાની હાર થાય અને મારી જીત થાય. પ્રભુનો જયજય કાર કરો,તો તમારો પણ જય થશે, જીત થશે. આ ભાગવતી કથા અતિ દિવ્ય છે આ કથા જે પ્રેમથી શ્રવણ કરશે તેના કાન દ્વારા પરમાત્મા હૃદયમાં આવશે.નેત્ર અને શ્રોત્રને જે પવિત્ર રાખે છે તેના હૃદયમાં પરમાત્મા આવે છે. ભગવાન શ્રીકૃષ્ણ કાન દ્વારા, આંખ દ્વારા મનમાં આવે છે. વારંવાર શ્રીકૃષ્ણ કથા સાંભળવા થી શ્રીકૃષ્ણ હૃદયમાં પધારે છે. આંખ અને કાન એ ભગવાનને હૃદયમાં દાખલ કરવાના દેહના બે દરવાજા-સાધન છે.માટે આંખ અને કાન બંને પવિત્ર રાખો. ત્યાં શ્રીકૃષ્ણને પધરાવો. દરેક સત્કર્મના આરંભમાં શાંતિપાઠ કરવામાં આવે છે. તેનો મંત્ર છે કે હે દેવ! બંને કાન વડે અમે ભદ્ર વચનો સાંભળી એ!કાન અને આંખ પવિત્ર થાય પછી સત્કાર્યનો આરંભ થાય. ગોર મહારાજ આંખે,કાને પાણી અડાડવાનું કહે છે તેનું આ રહસ્ય છે. અહીં પણ નેત્ર શ્રોત્રને પવિત્ર કર્યા પછી કથાનો આરંભ થયો છે. શુદ્ધ ઈન્દ્રિયમાં જ પરમાત્માનો પ્રકાશ થાય છે, આથી ઈન્દ્રિયોને શુદ્ધ કરો અને શુદ્ધ રાખો, કાળ બગડયો નથી. આપણું કાળજું બગડયું છે. આ ભાગવત ગ્રંથમાં અઢાર હજાર શ્લોક છે. અઢાર એટલે ૧+૮ = ૯. અઢારની સંખ્યા પરિ પૂર્ણ છે. રામ પરિપૂર્ણ છે તેથી નવમીને દિવસે પ્રગટ થયા છે. શ્રીકૃષ્ણ નવમીએ ગોકુળ આવ્યા ત્યારે નંદમહોત્સવ કરવામાં આવે છે.રામજીની બાર કળા અને શ્રી કૃષ્ણની સોળકળા એવો એ બેઉ માં ભેદ કરશો નહીં. ભાગવતમાં મુખ્ય કથા છે નંદ મહોત્સવની. તેના શ્લોક પણ અઢાર છે. ગીતાજીમાં કુલઅધ્યાય અઢાર છે અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોના શ્લોકો પણ અઢાર છે. ભાગવત નારાયણનું સ્વરૂપ છે. ભગવાન ગોલોક પધાર્યા ત્યારે પોતાનું તેજ સ્વરૂપ આ ગ્રંથમાં પધરાવ્યું તેમ એકાદશ સ્કંધમાં લખ્યું છે તેથી ભાગવત છે તે ભગવાનની સાક્ષાત શબ્દમયી મૂર્તિ. ઉદ્ધવજીએ ભગવાનને પૂછેલું કે, આપના સ્વધામગમન પછી આ પૃથ્વી ઉપર અધર્મ વધશે, ત્યારે ધર્મ કોને શરણે જશે? ભગવાને ત્યારે કહ્યું છે કે મારા ભાગવતનો આશ્રય લેશે તેના ઘરમાં કળિ આવશે નહીં. ભાગવત ભગવાનનું નામ સ્વરૂપ છે. નામસ્વરૂપથી મન શદ્ધ થયા પછી સ્વરૂપ સેવાનો અધિકાર મળે છે. મનના મેલને દૂર કરવાનું સાધન આ ભાગવતશાસ્ત્ર છે. કથા સાંભળ્યા પછી પાપ કરવાનું ચાલુ રાખશો તો યમદૂતો તરફથી બે ફટકા વધારે પડશે. મનુષ્ય પત્ની, ધન અને ભોજનમાં પ્રેમ કરે છે. પણ પ્રભુમાં પ્રેમ કરતો નથી તેથી દુ:ખી છે. રંગદાસ કરીને શેઠ હતા. તે એક વેશ્યામાં અતિ આસક્ત હતા. એક દિવસ રંગ દાસ અને તે વેશ્યા રંગનાથના મંદિર પાસેથી જઈ રહ્યા હતા. શ્રી મંત રંગદાસે વેશ્યાને માથે છત્રી ધરી હતી. રામાનુજાચાર્યે મંદિર માંથી બહાર નીકળતા આ દશ્ય જોયું રંગદાસ પર તેમને દયા આવી તેમણે કહ્યું: 'રંગદાસ, તમે આ વેશ્યા ઉપર પ્રેમ કરો છો તે જોઈને મને આનંદ થાય છે.પણ આ સ્ત્રી કરતાં મારા રંગનાથ ઘણા સુંદર છે. તમે એક વખત જુઓ તો ખબર પડે!એમ કહી તેમણે રંગદાસને એક થપ્પડ મારી સંતની થપ્પડ કેટલાં પુણ્ય કર્યા હોય ત્યારે મળે. રંગદાસને સમાધિ લાગી ગઈ. તેને રંગનાથનાં દર્શન થયાં. બસ, પછી રંગદાસએ સ્ત્રીમાં પ્રેમ કરવો ભૂલી ગયા. મનુષ્ય બાલ્યાવસ્થામાં મા સાથે પ્રેમ કરે છે. જરા મોટો થતાં મિત્રો ઉપર પ્રેમ કરે છે. લગ્ન થયાં એટલે પત્ની સાથે પ્રેમ કરે છે ત્યારબાદ પુત્ર ઉપર પ્રેમ કરે છે.ત્યારબાદ પૈસા ઉપર પ્રેમ કરે છે વગેરે.આમ તેનાં પ્રેમપાત્ર બદલાતાં રહે છે માટે ઈશ્વરને પ્રેમનું પાત્ર બનાવો જેથી પ્રેમનું પાત્ર બદલવાનો કદી પ્રસંગ ન આવે. આજકાલ લોકો ભક્તિ બહુ કરે છે, પરંતુ ભગવાનને સાધન માને છે અને સંસારના સુખને સાધ્ય માને છે, તેથી ભક્તિ ફળતી નથી. ભગવાનને સાધ્ય માનો, સંસારના સુખને નહીં. કથા કોઈને હસાવવા માટે નથી.કથા ઈશ્વરને રાજી કરવા માટે છે.શ્રોતાઓના હૃદયમાં જે શોક જાગૃત કરે છે તે શુક. કથા શુદ્ધ હૃદયે રડવા માટે છે જીવનનો આટલો સમય નકામો ગયો વગેરે ભાવ હૃદયમાં જાગે તો આ કથા સાંભળી સાર્થક કથા સાંભળ્યા પછી પણ વૈરાગ્ય ન આવે, પાપ ન છૂટે તો એ કથા સાંભળવી શું કામની? ભાગવતના શ્રવણથી, દર્શનથી, પૂજનથી પાપનો નાશ થાય છે. શ્રીમદ્ ભાગવતના શ્રવણ માત્રથી સદગતિ મળે છે. દૃષ્ટાંત વગર સિદ્ધાંત મનમાં ઠસતો નથી તેથી આત્મદેવ બ્રાહ્મણનું દૃષ્ટાંત કહી કથા શ્રવણનો મહિમા સમજાવે છે. તુંગભદ્રા નદીના કિનારે એક ગામ હતું.ત્યાં આત્મદેવ નામનો એક બ્રાહ્મણ પોતાની પત્ની ધુંધલી સાથે રહેતો હતો. આત્મદેવ પવિત્ર હતો પણ આ ધુંધલી સ્વભાવની ક્રૂર, પારકી પંચાત કરવાવાળી અને ઝઘડાળુ સ્ત્રી હતી. આત્મદેવ નિ:સંતાન હતો. સંતતિના અભાવે તે દુ:ખી હતો. તેથી તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો. તે માટે તે વનમાં નદીકિનારે આવ્યો. ત્યાં તેને એક મહાત્મા મળ્યા. આત્મદેવ મહાત્મા પાસે દુ:ખ રડવા લાગ્યો કે, ખાવાનું ઘણું છે પણ ખાનાર કોઈ નથી, એટલે દુ:ખી છું. તેથી આત્મહત્યા કરવા અહીં આવ્યો છું. મહાત્માએ કહ્યું: 'તારે પુત્ર નથી.એમાં ભગવાનની કૃપા છે. છોકરો ન થાય તોસમજવું કે ઠાકોરજીએ મારા હાથે જ બધું ધન વાપરવાનું મારા નસીબમાં લખ્યું છે, એટલા માટે મને પુત્ર આપ્યો નથી. તેથી ઈશ્વર જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ માનવો. એક વખત એકનાથ મહારાજ વિઠ્ઠલનાથજીનાં મંદિરમાં દર્શન કરવા ગયા. એકનાથજીને લાયક પત્ની મળી હતી તેથી તેઓ ભગવાનનો ઉપકાર માને છે. એકનાથ મહારાજ કહે છે કે, મને શ્રી સંગ નહીં પણ સત્સંગ મળ્યો છે. તમે અનુકૂળ પત્ની આપી છે, તેથી હું તમારું ભજન કરું છું. થોડીવાર પછી ત્યાં તુકારામ મહારાજ દર્શન કરવા આવ્યા. તુકારામની પત્ની કર્કશા હતી છતાં તુકારામ મહારાજ આ સ્ત્રી આપવા બદલ ભગવાનનો ઉપકાર માને છે. કહે છે કે, તમે પ્રતિકૂળ પત્ની આપી છે એટલે તમારું ભજન કરું છું.સારી પત્ની મળી હોત તો હું તેની પાછળ પડત, તમને ભૂલી જાત. એકનાથજીને અનુકૂળ પત્નીમળી છે તેથી આનંદ છે અને તુકારામને પ્રતિકૂળ પત્ની મળી છે તોય આનંદ છે.નરસિંહ મહેતાના કુટુંબ નો નાશ થયો છતાં મહેતાએ તેમાં આનંદ માન્યો અને ગાયું, 'ભલુંથયું ભાંગી જંજાળ,સુખે ભજીશું શ્રી ગોપાળ.'એકની પત્ની અનુકૂળ, બીજાની પત્ની પ્રતિકૂળ, ત્રીજાની પત્નીનું મરણ તો પણ આ ત્રણે મહાત્માઓ આનંદ માને છે. વૈષ્ણવ તેનું નામ જે પ્રત્યેક પરિસ્થિતિમાં પરમાત્માની કૃપાનો અનુભવ કરે અને મનને શાંત રાખે, માતાપિતાને પુત્ર માટે બહુ ચિંતા હોય છે. પણ પુત્રેષણા પાછળ અનેક વાસનાઓ આવે છે. પુત્રેષણા અને પછી વિત્તેષણા અને પછી લોકેપણા જાગે છે. આત્મદેવે કહ્યું: 'મહારાજ, મને પુત્ર આપો. પુત્ર વિના પિતાની સદગતિ નથી.' મહાત્મા આત્મદેવને સમજાવે છે કે, ભાઈ, પુત્રથી જ સદગતિ થતી નથી કે પુત્રથી ભક્તિ મળતી નથી પુત્ર જ જો સદગતિ આપી શકતા હોય, તો લગભગ બધાને ત્યાં પુત્ર છે અને તેથી દરેકને સદગતિ મળી જાય. પિતા એવી આશા ન રાખે કે મારો પુત્ર શ્રાદ્ધ કરશે અને હું તરી જઈશ. મારે કાંઈ કરવાનું રહેતું નથી. શ્રાદ્ધ કરવાથી જીવ સારી યોનિમાં જાય એ ખરું,પણ એ જન્મમરણના ત્રાસમાંથી છૂટતા નથી.શ્રાદ્ધ કરવાની ના નથી. શ્રાદ્ધ કરવાથી પિતૃઓ પ્રસન્ન થઈ આશીર્વાદ આપે છે, પણ શ્રાદ્ધથી ભક્તિ મળતી નથી. વાચક ચાહક મિત્રો, દિલ્હી બાદ હવે આપણા રાજ્યમાં ૬૬ નગર પાલિકાની સામાન્ય અને કેટલીક બેઠકોની પેટા ચૂંટણી માટે દોડધામ અને મતદાન થશે છેવટે તો ડબલ એન્જિન મશીન કામ કરશે એટલે હવે બહુ શોક કે હરખાવવાની જરૂર નથી જે થવાનું છે એ તમે જે વિચારો છો એ જ થશે બાકી ગુજરાતમાં ડબલ એન્જિન મશીન ઝડપી કામ કરે છે.અસ્તુ.

## ICMR અને IDSP નેટવર્ક દ્વારા ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી અને ગંભીર શ્વસન બિમારી માટે મજબૂત સર્વેલન્સ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી

# HMPVના ફેલાવાને નિયંત્રિત કરવા માટે લેવામાં આવેલા પગલાં

હ્યુમન મેટાપ્યુનોવાયરસ (HMPV), ૨૦૦૧થી વૈશ્વિક સ્તરે હાજર છે. ઈન્ટિગ્રેટેડ ડિસીઝ સર્વેલન્સ પ્રોગ્રામ (IDSP)ના ડેટા દેશમાં ક્યાંય પણ ઈન્ફલુએન્ઝા જેવી બીમારી/ગંભીર તીવ્ર શ્વસન બીમારીના કેસોમાં કોઈ અસામાન્ય વધારો દર્શાવતા નથી. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના સર્વેલન્સ ડેટા દ્વારા પણ આ વાતની પુષ્ટિ થઈ છે. ૬ જાન્યુઆરી, ૨૦૨૫થી ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ સુધીમાં, ભારતના ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં કુલ ૫૯ કેસ નોંધાયા છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે HMPV કેસોની દેખરેખ અને નિયંત્રણ માટે અને HMPVના લક્ષણો અને નિવારણ વ્યૂહરચનાઓ વિશે ઝુંબેશ દ્વારા જનજાગૃતિ લાવવા માટે ઘણા ખાસ પગલાં લીધા છે. કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં નીચે મુજબ છેઃ HMPV પરિસ્થિતિના નિયમિત દેખરેખ માટે નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC) ખાતે પબ્લિક હેલ્થ ઈમરજન્સી ઓપરેશન્સ સેન્ટર (PHEOC) ૬ જાન્યુઆરી, ૨૦૨૫થી સક્રિય કરવામાં આવ્યું છે. દૈનિક સ્થિતિ અહેવાલો સંબંધિત હિસ્સેદારો સાથે શેર કરવામાં આવે છે. રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને સતર્ક રહેવા અને હોસ્પિટલમાં દાખલ SARI કેસોના શ્વસન નમૂનાઓ નિયુક્ત વાયરસ સંશોધન અને ડાયગ્નોસ્ટિક પ્રયોગશાળાઓ (VRDL)ને પરીક્ષણ અને પોઝિટિવ નમૂનાઓના ક્રમ માટે મોકલવાની સલાહ આપવામાં આવી છે. ભારતમાં પહેલાથી જ ICMR અને IDSP નેટવર્ક દ્વારા ઈન્ફ્લ્યુએન્ઝા જેવી બીમારી (ILI) અને ગંભીર તીવ્ર શ્વસન બીમારી (SARI) માટે એક મજબૂત દેખરેખ પ્રણાલી છે. રાજ્યોને સલાહ આપવામાં આવી છે કે લોકોને વાયરસના ફેલાવાને રોકવા માટે લોકોમાં માહિતી, શિક્ષણ અને સંદેશાવ્યવહાર (IEC) અને જાગૃતિ વધારવા માટે સાબુ અને પાણીથી વારંવાર હાથ ધોવા, ધોયા વગરના હાથથી આંખો, નાક અથવા મોંને સ્પર્શ કરવાનું ટાળવા, લક્ષણો ધરાવતા લોકો સાથે નજીકના સંપર્કમાં આવવાનું ટાળવા, ખાંસી અને છીંક ખાતી વખતે મોં અને નાક ઢાંકવા વગેરે જેવા સરળ પગલાં અપનાવવા માટે જણાવ્યુ છે. સરકારે દેશભરમાં તૈયારીઓ હાથ ધરી હતી અને ખાતરી કરી હતી કે આ ઋતુ દરમિયાન આરોગ્ય તંત્ર શ્વસન રોગોનો સામનો કરવા માટે પૂરતા પ્રમાણમાં તૈયાર છે. સચિવ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ), આરોગ્ય સેવાઓના મહાનિર્દેશક, સંયુક્ત દેખરેખ જૂથના સ્તરે વિવિધ હિસ્સેદારો સાથે ઘણી બેઠકો યોજાઈ હતી અને ભારતમાં શ્વસન રોગો અને HMPV કેસોની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. હિસ્સેદારોમાં આરોગ્ય સંશોધન વિભાગ, DGHS, આરોગ્ય સચિવો અને રાજ્યોના અધિકારીઓ, સંકલિત રોગ સર્વેલન્સ પ્લેટફોર્મ (IDSP), NCDC, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV) અને IDSPના રાજ્ય સર્વેલન્સ એકમોના નિષ્ણાતોનો સમાવેશ થાય છે.

## BIMSTEC સમિટમાં યુવા નેતાઓ વૈશ્વિક પડકારો અને યુવા-નેતૃત્વ પહેલ પર છણાવટ કરવામાં આવશે

# BIMSTEC યુવા સમિટ ૨૦૨૫ ૭ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ગુજરાતના ગાંધીનગરમાં શરૂ થશે

ભારત સરકારના યુવા બાબતો અને રમતગમત મંત્રાલયના યુવા બાબતોનો વિભાગ દ્વારા ગુજરાતના ગાંધીનગરમાં ૭ થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન BIMSTEC યુવા સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આ કાર્યક્રમનું ઔપચારિક ઉદ્‌ઘાટન કરશે. જેમાં BIMSTEC યૂથ સમિટનો શુભારંભ થશે. ૩૦થી ૩૧ ઓગસ્ટ, ૨૦૧૮નાં રોજ કાઠમંડુમાં ચોથી BIMSTEC સમિટ દરમિયાન ભારતનાં માનનીય પ્રધાનમંત્રી શ્રીએ ત્રણ દિવસનાં BIMSTEC યુવા શિખર સંમેલનનું આયોજન કરવાની જાહેરાત કરી હતી. જેનો ઉદ્દેશ BIMSTEC દેશોનાં યુવાનોને સંગઠિત મંચ પર લાવવાનો છે. BIMSTEC યુવા શિખર સંમેલનનો મુખ્ય ઉદ્દેશ સભ્ય દેશો વચ્ચે અનુભવોના આદાન-પ્રદાન અને યુવાનોની આગેવાની હેઠળની પહેલોના આદાન-પ્રદાનને સુલભ બનાવવાનો છે. ''યુથ એઝ અ બ્રિજ ફોર ઈન્ટ્રા-BIMSTEC એક્સચેન્જ''ની થીમ પર કેન્દ્રિત આ સમિટનો ઉદ્દેશ આ ક્ષેત્રના સહિયારા લક્ષ્યાંકોને આગળ વધારવા માટે યુવા નેતાઓની સામૂહિક ઊર્જાનો ઉપયોગ કરવાનો છે. ભારત સરકારનો ઉદ્દેશ આ યુવા ઊર્જાને વર્ષ ૨૦૩૦ સુધીમાં સંયુક્ત રાષ્ટ્રનાં સ્થાયી વિકાસ લક્ષ્યાંકો (એસડીજી) હાંસલ કરવાની દિશામાં વાળવાનો છે. આ સમિટ એસડીજીની પ્રગતિ અને પ્રગતિ પર સંવાદ માટે અમૂલ્ય મંચ પ્રદાન કરશે, જેમાં BIMSTEC દેશોના ૭૦ પ્રતિનિધિઓને એકમંચ પર લાવવામાં આવશે. દરેક સભ્ય દેશનું પ્રતિનિધિત્વ ૧૦ યુવા પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવશે. જેમને મુખ્ય ક્ષેત્રોમાં તેમની કુશળતા માટે પસંદ કરવામાં આવશે, જે લક્ષિત ચર્ચાઓને પ્રોત્સાહન આપશે અને સમિટમાંથી અર્થપૂર્ણ પરિણામોમાં ફાળો આપશે. BIMSTEC યુવા શિખર સંમેલનના ઉદ્‌ઘાટનના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છેઃ a. સભ્ય દેશોના યુવા નેતાઓને વૈશ્વિક પડકારો, આર્થિક અને સામાજિક મુદ્દાઓ તથા યુવાનો સાથે સંબંધિત વિકાસ એજન્ડાઓ પર ભાર મૂકવા સક્રિયપણે જોડાવા માટે પ્રેરિત કરવા. b. યુવાનોને સશક્ત બનાવતા વ્યૂહાત્મક મુદ્દાઓ પર દ્રષ્ટિકોણના રચનાત્મક આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવું, c. નવીન વિચારો અને સમાધાનોનું સર્જન કરવું, જે આ ક્ષેત્ર અને તેનાથી આગળ ઉજ્જવળ અને વધારે સ્થાયી ભવિષ્યનું નિર્માણ કરવામાં પ્રદાન કરે. ''વિકસિત ભારત યંગ લીડર્સ ડાયલોગ X BIMSTEC'' વિષય પર એક સત્ર પણ યોજાશે, જેમાં યુવા નેતાઓને તેમના સંબંધિત દેશોમાંથી યુવા વિકાસની મુખ્ય પહેલો પ્રદર્શિત કરવા માટે એક મંચ પ્રદાન કરવામાં આવશે. આ ઉપરાંત આ સમિટમાં મેરા યુવા ભારત (MyBharat) પર એક સત્ર યોજાશે. જે ભારતના માનનીય પ્રધાનમંત્રી દ્વારા જાહેર કરવામાં આવેલી પહેલ છે. આ પહેલ યુવા વિકાસ અને યુવાનોની આગેવાની હેઠળની પ્રગતિ માટે ટેકનોલોજી દ્વારા સંચાલિત એક વ્યાપક સંસ્થાકીય વ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે. મેરા યુવા ભારતનો ઉદ્દેશ યુવાનો માટે સમાન તકો ઉપલબ્ધ કરાવવાનો, તેમને તેમની આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં મદદ કરવાનો અને વર્ષ ૨૦૪૭ સુધીમાં અમૃત ભારતનાં નિર્માણમાં પ્રદાન કરવાનો છે. આ સત્ર એ પણ દર્શાવશે કે ભારત સરકાર કેવી રીતે યુવાનોના કલ્યાણને ટેકો આપવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરી રહી છે. જે અન્ય BIMSTEC દેશોના પ્રતિનિધિઓને મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. પ્રતિનિધિઓને મુખ્ય સાંસ્કૃતિક અને આધુનિક સીમાચિહ્નોનું અન્વેષણ કરવાની તક પણ મળશે.

### અક્ષય કુમાર દેશમાં સૌથી વધુ કમાણી કરનાર અભિનેતા

# મિસ્ટર ખિલાડીએ આલીશાન ફ્લેટ ૭૮% નફો બુક કરી વેચ્યો હતો

દેશમાં સૌથી વધુ ટેક્સ ચૂકવનારા અભિનેતા અક્ષય કુમારે તાજેતરમાં મુંબઈના વરલીમાં પોતાનું મોંઘુ એપાર્ટમેન્ટ ૮૦ કરોડ રૂપિયામાં વેચી દીધું છે. કામના મોરચે, તે 'સ્કાયફોર્સ'માં દેખાયો હતો અને હાલમાં 'વેલકમ ટુ ધ જંગલ', 'હેરા ફેરી ૩' અને 'ભૂત બાંગ્લા'નું શૂટિંગ કરી રહ્યો છે.અભિનેતા અક્ષય કુમાર દેશમાં સૌથી વધુ કમાણી કરનાર અભિનેતા છે. આ ઉપરાંત, તેઓ સૌથી વધુ કર પણ ચૂકવે છે. ૨૦૨૨ માં તેઓ સૌથી વધુ કરદાતાઓની યાદીમાં ટોચ પર હતા. તેમણે લગભગ ૨૯.૫ કરોડ રૂપિયા ટેક્સ તરીકે ચૂકવ્યા હતા. તેમની પાસે ઘણી મિલકતો પણ છે. હવે એક અહેવાલ મુજબ, તેમણે તાજેતરમાં મુંબઈના વર્લીમાં પોતાનું મોંઘા એપાર્ટમેન્ટ કરોડો રૂપિયામાંઅક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્નાની ભારતમાં જ નહીં પરંતુ વિદેશમાં પણ ઘણી મિલકતો છે. ઈન્ડેક્સટેપના રજિસ્ટ્રેશન રેકોર્ડ મુજબ, અભિનેતાનું એપાર્ટમેન્ટ વરલીમાં ૩૬૦ વેસ્ટ ટાવરના બી વિંગના ૩૯મા માળે હતું અને તે ૬,૮૩૦ ચોરસ ફૂટમાં ફેલાયેલું હતું. તેમાં ૪ પાર્કિંગની સુવિધા હતી. તે ૩૧ જાન્યુઆરીએ ૮૦ કરોડ રૂપિયામાં વેચાયું હતું. અને વ્યવહાર માટે ૪.૮ કરોડ રૂપિયાની સ્ટેમ્પ ડ્યુટી પણ ચૂકવવામાં આવી છે.સ્ક્વેરગાર્ડના જણાવ્યા અનુસાર, થોડા અઠવાડિયા પહેલા જ તેણે બોરીવલી પૂર્વમાં પોતાનું એપાર્ટમેન્ટ ૪.૨૫ કરોડ રૂપિયામાં વેચી દીધું હતું. અભિનેતાએ ૨૦૧૭ માં આ એપાર્ટમેન્ટ ૨.૩૭ કરોડ રૂપિયામાં ખરીદ્યું હતું અને જ્યારે તેણે તેને વેચ્યું ત્યારે તેને ૭૮ ટકા નફો થયો. હાલમાં, તે જુહુમાં તેના વૈભવી દરિયા કિનારે આવેલા એપાર્ટમેન્ટમાં તેની પત્ની અને બાળકો સાથે રહે છે. કામના મોરચે, તે 'સ્કાયફોર્સ'માં દેખાયો હતો અને હાલમાં 'વેલકમ ટુ ધ જંગલ', 'હેરા ફેરી ૩' અને 'ભૂત બાંગ્લા'નું શૂટિંગ કરી રહ્યો છે તેમને ૨૦૨૪ માં ભારતીય નાગરિકતા પણ મળી, ત્યારબાદ તેઓ હવે કેનેડિયન નાગરિકને બદલે ભારતીય નાગરિક છે. અક્ષય કુમાર ફિલ્મોઅક્ષય કુમારના વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, તે છેલ્લે વીર પહાડિયા, નિમરત કૌર અને સારા અલી ખાન સાથે 'સ્કાયફોર્સ'માં જોવા મળ્યો હતો. આ ઉપરાંત તે 'વેલકમ ટુ જંગલ', 'હેરા ફેરી ૩' અને 'ભૂત બાંગ્લા'માં જોવા મળશે. તે આ બધાનું શૂટિંગ કરી રહ્યો છે. અને તેમની રિલીઝ તારીખ ટૂંક સમયમાં જાહેર થવાની અપેક્ષા છે.



### સિદ્ધાર્થ ચોપરા-નીલમ ઉપાધ્યાય ટૂંક સમયમાં લગ્નગ્રંથિથી જોડાશે

# સાસુમા ડેનિસ સામે ફિક્કી પડી પ્રિયંકા

**સિદ્ધાર્થ-નીલમના સંગીત સમારોહના ઘણા ફોટા અને વીડિયો વાયરલ થયા**

બોલિવૂડની 'દેશી ગર્લ' પ્રિયંકા ચોપરા આ દિવસોમાં તેના ભાઈ સિદ્ધાર્થ ચોપરા અને નીલમ ઉપાધ્યાયના લગ્નમાં હાજરી આપવા માટે તેના આખા પરિવાર સાથે ભારત આવી છે. તેમના ભાઈના લગ્નની વિધિઓ પણ શરૂ થઈ ગઈ છે, જેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર છવાયેલા છે. તાજેતરમાં, સિદ્ધાર્થ અને નીલમના સંગીત સમારોહના ઘણા ફોટા અને વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. જેમાં પ્રિયંકા તેની સાસુ ડેનિસ સામે ફિક્કી દેખાતી હતી, સિદ્ધાર્થના સંગીતમાં બધી લાઈમલાઈટ ચોરી ગઈ હતી; પ્રિયંકા ચોપરા સાસુ: પ્રિયંકા ચોપરાના ભાઈ સિદ્ધાર્થ ચોપરા અને નીલમ ઉપાધ્યાયના સંગીત સમારોહના ઘણા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં પ્રિયંકા ચોપરા તેના પતિ નિક જોનાસ, સાસુ ડેનિસ જોનાસ અને સસરા કેવિન જોનાસ સાથે જોવા મળી રહી છે, પરંતુ તેની સાસુ લાઈમલાઈટ ચોરી કરતી જોવા મળી હતી.જેમાં પ્રિયંકા તેના પતિ નિક જોનાસ, સાસુ ડેનિસ જોનાસ અને સસરા કેવિન જોનાસ સાથે જોવા મળી રહી છે. પ્રિયંકાને જોયા પછી, ચાહકો અને અન્ય યુઝર્સ કહી રહ્યા છે કે પ્રિયંકાની સાસુ સુંદરતાની બાબતમાં તેને સ્પર્ધા આપી રહી છે. યુઝર્સ પ્રિયંકાની સાસુ ડેનિસ જોનાસની ખૂબ પ્રશંસા કરી રહ્યા છે. તે કહે છે કે ડેનિસે પોતાની જાતને ખૂબ સારી રીતે જાળવી રાખી છે. લોકો એ સાંભળીને આશ્ચર્યચકિત થાય છે કે તે ૫૮ વર્ષની છે.સિદ્ધાર્થ ચોપરા અને નીલમ ઉપાધ્યાય ટૂંક સમયમાં લગ્નગ્રંથિથી જોડાશે. પ્રિયંકા ચોપરાની ભાવિ ભાભી નીલમ ઉપાધ્યાય એક અભિનેત્રી છે જેમણે મોટાભાગે તમિલ અને તેલુગુ ફિલ્મોમાં કામ કર્યું છે. તે છેલ્લા ૯ વર્ષથી ફિલ્મ ઉદ્યોગમાં સક્રિય છે અને ૩૦ વર્ષની છે. જ્યારે સિદ્ધાર્થ ચોપરા ૩૫ વર્ષના છે. બંને વચ્ચે સારું બોન્ડિંગ છે અને તેઓ લાંબા સમયથી એકબીજા સાથે સંબંધમાં છે. બંનેએ ગયા વર્ષે સગાઈ કરી હતી, જેના ફોટા અને વીડિયો પણ વાયરલ થયા હતા. નીલમ ઉપાધ્યાય પહેલા સિદ્ધાર્થ ચોપરાના લગ્ન બે વાર તૂટી ચૂક્યા છે. તે પહેલા પણ ઘણી વખત પોતાના લગ્નને લઈને હેડલાઈન્સમાં રહી છે. ૨૦૧૪ માં, તેણે કનિકા માથુર સાથે સગાઈ કરી, પરંતુ લગ્ન થઈ શક્યા નહીં. આ પછી, ૨૦૧૯ માં, તેણે ઈશિતા કુમાર સાથે સગાઈ કરી અને લગ્નની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ. પરંતુ છેલ્લી ઘડીએ આ સંબંધ પણ તૂટી ગયો. તેમના લગ્ન તૂટવાનું સાચું કારણ ક્યારેય જાહેર કરવામાં આવ્યું ન હતું.



# મજબૂર સ્થિતિએ પોતાની લાગણીઓ પર કાબૂ મેળવતા શીખવ્યું: તમન્ના

**તમન્ના ભાટીયાએ તાજેતરમાં સેટ પરના પડકારોએ તેનામાં કેવું પરિવર્તન કર્યું એ અંગે ખુલીને વાત કરી હતી**



તમન્ના ભાટીયાએ તાજેતરમાં સેટ પરના પડકારોએ તેનામાં કેવું પરિવર્તન કર્યું એ અંગે ખુલીને વાત કરી હતી. એક પોડકાસ્ટમાં તમન્નાએ કહ્યું કે તે એક કેરેવાનમાં હતી, બહુ જ ભાવુક થઈ ગઈ હતી અને તેની આંખોમાંથી આંસુ વહી રહ્યાં હતાં. તેના આખા ચહેરા પર મેક અપ લગાવેલો હતો અને તેને એક પાત્ર ભજવવાનું હતું તેથી તે રડી શકે તેમ પણ નહોતી. આ મજબૂરીની સ્થિતિએ તેને પોતાની લાગણીઓ પર કાબૂ મેળવતા શીખવ્યું. તમન્નાએ આ પોડકાસ્ટમાં કહ્યું, ''હું મારી કેરેવાનમાં હતી અને કશુંક બહુ જ ખરાબ થયું. હું બહુ જ દુઃખી હતી, મારી આંખો આંસુથી સુજી ગઈ હતી. પરંતુ મારી આંખો પર મસ્કરા લાગી હતી, ચહેરા પર મેક અપ લાગેલો હતો અને હું એક પાત્ર ભજવી રહી હતી. એ ક્ષણે હું રડી શકું તેમ નહોતી. તેથી મેં મારી જાતને કહ્યું, ''આ માત્ર એક ભાવના છે, અને તેને હું ઈચ્છું તે રીતે બદલી શકું છું.'' ત્યારથી જ મેં આ અતિ ગંભીર લાગણીઓને ખુશીમાં બદલતાં શીખ્યું.મેં મારી જાતને અરીસામાં જોઈને આવું કર્યું અને એ કામ લાગ્યું.'' તમન્નાના કામની વાત કરીએ તો તાજેતરમાં તે નેટફ્લિક્સ પર 'સિકંદર કા મુકદ્દર'માં જોવા મળી હતી, જેમાં એક હિરાની લૂંટની વાત છે. તેમાં તેણે અવિનાશ તિવારી સાથે કામિની સિંઘનું પાત્ર ભજવ્યું છે. તે 'સ્ત્રી ૨'માં પણ એક આઈટમ સોંગ કેમિયોમાં જોવા મળી છે. હવે તે અશોક તેજાની ફિલ્મ 'ઓડેલા ૨' કરી રહી છે. તેમાં તે એક શિવભક્તના રોલમાં જોવા મળશે. તાજેતરમાં તેણે પોતાના સોશિયલ મીડિયા પર તેનું પોસ્ટર પણ શેર કર્યું હતું.

# રિદ્ધિમા કપૂરની પુત્રી સમારા સાહની સુપરસ્ટાર બનવા તૈયાર

કપૂર પરિવાર હજુ પણ હિન્દી સિનેમામાં સ્થાપિત છે. રણબીર કપૂર અને કરીના કપૂર બોલિવૂડમાં તેમના સિનેમેટિક વારસાને આગળ ધપાવી રહ્યા છે. પહેલા આ જવાબદારી ઋષિ કપૂર અને કરિશ્મા કપૂરના હાથમાં હતી. હવે રણબીર કપૂરની ભાણેજ આગામી સુપરસ્ટાર બનવા માટે તૈયાર છે, સમારા સાહનીની ક્યુટનેસ સામે બધા સ્ટાર કિડ્સ નિષ્ફળ જાય તેટલી સુંદર છે સમારા.સમારા તેના સ્ટાર મામા રણબીર કપૂર સાથે ઘણી વખત ચર્ચામાં રહી છે. સમારા સોશિયલ મીડિયા પર પણ સક્રિય થઈ ગઈ છે અને દરરોજ તેના ફોટા અને વીડિયો પોસ્ટ કરીને ધ્યાન ખેંચવાનો પ્રયાસ કરે છે.સમારા બોલિવૂડ અભિનેતા રણબીર કપૂરની મોટી બહેન રિદ્ધિમા કપૂર સાહનીની પુત્રી છે અને તેના પિતા ભરત સાહની એક ઉદ્યોગપતિ છે. તેમની દિલ્હી સ્થિત ગાર્મેન્ટ નિકાસ ઉત્પાદન કંપની યુરોપ, યુએસએ અને કેનેડા સુધી પહોંચે છે. રિદ્ધિમાએ ફિલ્મોમાં આવવાને બદલે સેલિબ્રિટી સિવાયનું જીવન પસંદ કર્યું, પરંતુ જે રીતે સમારા બોલિવૂડના કોરિડોરમાં વારંવાર જોવા મળે છે અને સોશિયલ મીડિયા પર જોવા મળે છે તેના આધારે એવું કહેવું ખોટું નહીં હોય કે તે બોલિવૂડમાં પ્રવેશ કરી શકે છે. સમારાના ઈન્સ્ટાગ્રામ પર ૫૦ હજાર ફોલોઅર્સ થવાના છે. સમારાએ પોતાના બાયોમાં ડિજિટલ ૫ ત્રો અને કલાકારો લખ્યા છે અને તેની સ્ટાર નાની નીતુ કપૂર અને સ્ટાર મામા રણબીર કપૂરનું નામ પણ લખ્યું છે.સમારા સાહનીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તેની મુસાફરી અને તેના માતાપિતા સાથેની ઘણી તસવીરો છે. સમારા બોલિવૂડમાં ક્યારે પ્રવેશ કરશે તે અંગે હાલ કંઈ કહી શકાય નહીં. બાય ધ વે, વર્ષ ૨૦૨૫ માં શાહરૂખ ખાન અને સૈફ અલી ખાનના પુત્રો આર્યન ખાન અને ઈબ્રાહિમ અલી ખાન બોલિવૂડમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યા છે અને આવી સ્થિતિમાં, ઘણા સ્ટાર કિડ્સે પણ તેમના બોલિવૂડ ડેબ્યૂની તૈયારી શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૨૫ માં જ, રવિના ટંડનની પુત્રી રાશા થડાનીએ અજય દેવગનના ભત્રીજા અમન દેવગન સાથે ફિલ્મ આઝાદથી ડેબ્યૂ કર્યું છે. ૨૦૨૫ ને સ્ટાર કિડ્સનું વર્ષ માનવામાં આવે છે, કારણ કે આ વર્ષે બોલિવૂડમાં મોટાભાગની ફિલ્મો સ્ટાર કિડ્સની હશે.



# ઈર્ષ્યા માટે કોઈ સ્થાન નથી, એ જ બધી તકલીફોનું મૂળ

સમંથા રુથ પ્રભુએ તાજેતરમાં જ તેનો પૂર્વ પતિ નવા સંબંધમાં આગળ વધી ગયો તે બાબતે પોતાની લાગણીઓ વ્યક્ત કરી હતી. થોડાં વખત પહેલાં જ સમંથાના પૂર્વ પતિ નાગા ચૈતન્યએ શોભિતા ધુલિપાલા સાથે લગ્ન કર્યા.ત્યારે પોતાની ગણી વ્યક્ત કરતા તાજેતરમાં સમંથાએ કહ્યું, ''એમાં ઉંડીને મેં મારે જીવનમાં ઘણું ભોગવવું પડ્યું છે.'' ઈર્ષ્યા માટે કોઈ સ્થાન નથી, એ જ બધી તકલીફોનું મૂળઃ સામંથા, નાગા ચૈતન્ય અને સમંથાના લગ્ન ૨૦૧૭માં થયાં હતાં પરંતુ ૨૦૨૧માં તેઓ અલગ થઈ ગયાં આ અંગે સમંથા ખુશી, કડવાશ કે ઈર્ષ્યામાંથી શું અનુભવે છે, તે અંગે સમંથાએ તરત જ કહી દીધું હતું, ''અરે ના. મારામાં ઈર્ષ્યાનું એક પણ લક્ષણ નથી, આ એક જ વાત છે, જેને હું મારી જાત સાથે ક્યારેય કલ્પી પણ શકતી નથી. હું તેને મારી ઓળખનો ભાગ ક્યારેય ન બનવા દઉં. મને લાગે છે કે ઈર્ષ્યા જ બધી તકલીફોનું મૂળ છે. બાકી બધું ચાલે, પરંતુ ઈર્ષ્યાથી બિનઆરોગ્યપ્રદ બીજું કશું જ નથી.''નાગા ચૈતન્ય અને સમંથાના લગ્ન ૨૦૧૭માં થયાં હતાં પરંતુ ૨૦૨૧માં તેઓ અલગ થઈ ગયાં. ત્યારથી, બંને પોતાના અંગત જીવનમાં અને વ્યવસાયિક જીવનમાં અલગ અલર પગ રીતે આગળ વધી ગયાં છે. નાગા ચૈતન્યએ પરિવાર અને મિત્રોની હાજરીમાં મોડેલ અને એક્ટ્રેસ શોભિતા ધુલિપાલા સાથે લગ્ન કર્યા.જ્યારે સમંથા હાલ વિવિધ ફિલ્મો અને સિરીઝ માટે કામ કરી રહી છે. તેણે તાજેતરમાં 'સિટાડેલ:હનીબની'માં કામ કર્યું હતું, હવે તે 'મા ઈન્તિ બંગારમ' અને 'રક્ત બ્રહ્માંડ' જેવા મહત્વના પ્રોજેક્ટ પર કામ કરી રહી છે.



# મૈં હું ના: શાહરૂખ બે દાયકા પછી સીક્વલ બનાવશે



**ફરાહ ખાનને 'મૈં હું ના'ની સીક્વલનો રસ્તો મળી ગયો હતો-તેમણે આ પ્રોજેક્ટ અંગે શાહરૂખ સાથે વાત કરી હતી**

શાહરૂખ ખાન અને ફરાહ ખાન ફરી એક વાર 'મૈં હું ના ૨' બનાવવા ભેગા થઈ રહ્યા છે. શાહરૂખ ખાને બે દાયકા બાદ પોતાની બ્લોકબસ્ટર ફિલ્મની સીક્વલ બનાવવા તૈયારી બતાવી છે અને સ્ક્રિન પ્લેનું કામ શરૂ થઈ ગયું છે. શાહરૂખ ખાને પોતાની કરિયરમાં સંખ્યાબંધ હિટ ફિલ્મો આપેલી છે, પરંતુ તેમાં 'મૈં હું ના'નું સ્થાન વિશે છે. શાહરૂખના પ્રોડક્શન હાઉસ રેડ ચિલીસના બેનર હેઠળ બનેલી આ પ્રથમ ફિલ્મ હતી. લાંબા સમયથી સીક્વલ બનાવવાની શાહરૂખની ઈચ્છા હતી, પરંતુ ગાડરિયા પ્રવાહમાં માત્ર બનાવવા ખાતર જ ફિલ્મ તૈયાર કરવાનું શાહરૂખને પસંદ ન હતું. ફરાહ ખાન પણ લાંબા સમયથી શાહરૂખ સાથે 'મૈં હું ના'ની સીક્વલ બનાવવા માગતા હતા. ફરાહ ખાનને 'મૈં હું ના'ની સીક્વલનો રસ્તો મળી ગયો હતો અને તેમણે આ પ્રોજેક્ટ અંગે શાહરૂખ સાથે વાત કરી હતી. શાહરૂખને આઈડિયા ગમી ગયો અને રેડ ચિલીસના રાઈટર્સને સ્ક્રિનપ્લે તૈયાર કરવા શાહરૂખે સૂચના આપી દીધી. ફરાહ અને શાહરૂખની ટીમે 'મૈં હું ના ૨'ના સ્ક્રિન પ્લેનું કામ શરૂ કરી દીધું છે.૨૦૦૪માં રિલીઝ થયેલી 'મૈં હું ના' કરતા પણ વધારે દમદાર ફિલ્મ બનાવવા કવાયત ચાલી રહી છે ત્યારે ચારેક મહિનામાં સ્ક્રિપ્ટ તૈયાર થઈ જશે. શાહરૂખ ખાનને સ્ક્રિપ્ટ પસંદ આવ્યા પછી ફિલ્મને ફ્લોર પર લઈ જવાનું સત્તાવાર એલાન થશે. બે દાયકા અગાઉ આવેલી 'મૈં હું ના'માં શાહરૂખની સાથે સુષ્મિતા સેન, ઝાયેદ ખાન અને અમતા રાવ હતા. સીક્વલમાં જૂની ટીમને યથાવત રાખવામાં આવે છે કે, પછી નવી કાસ્ટ નક્કી થાય છે તે કહેવું અઘરું છે. સીક્વલમાં શાહરૂખ પોતાના દીકરા આર્યન અને દીકરી સુહાનાને પણ તક આપે તેવી શક્યતા છે.

### ફિલ્મ 'છાવા' ૨૦૨૫ ની સૌથી રાહ જોવાતી ફિલ્મોમાંની એક

# ફિલ્મમાંથી લેઝિમ ડાન્સ સિક્વન્સ હટાવાયું

**વિકી લાંબા સમયથી તેની મોસ્ટ અવેટેડ આગામી ફિલ્મ 'છાવા' માટે હેડલાઇન્સમાં છે**





વિકી કૌશલ ફિલ્મ: વિકી કૌશલ લાંબા સમયથી તેની મોસ્ટ અવેટેડ આગામી ફિલ્મ 'છાવા' માટે હેડલાઈન્સમાં છે. આ ફિલ્મ ટૂંક સમયમાં સિનેમાઘરોમાં આવવાની છે. જોકે, ફિલ્મ રિલીઝ પહેલા જ વિવાદોનો સામનો કરવો પડ્યો હતો. હવે તાજેતરમાં વિકીએ ફિલ્મમાંથી દૂર કરાયેલા ડાન્સ સિક્વન્સનો બચાવ કર્યો છે.વિકી કૌશલની ફિલ્મ 'છાવા' ૨૦૨૫ ની સૌથી રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે, જે ગયા વર્ષે ડિસેમ્બર ૨૦૨૪ માં રિલીઝ થવાની હતી, પરંતુ હવે આ ફિલ્મ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવા જઈ રહી છે. જોકે, આ ફિલ્મ ઘણા સમયથી વિવાદોનો સામનો કરી રહી છે. વાસ્તવમાં, ફિલ્મમાં લેઝીમ ડાન્સ સીન અંગે વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં વિક્કી મરાઠા યોદ્ધા છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવી રહ્યો છે.તેઓ મરાઠા સામ્રાજ્યના સ્થાપક છત્રપતિ શિવાજી મહારાજના પુત્ર હતા. આ ફિલ્મનું દિગ્દર્શન લક્ષ્મણ ઉતેકર દ્વારા કરવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે, લક્ષ્મણે જાહેરાત કરી હતી કે ફિલ્મના ટ્રેલરમાં બતાવેલ લેઝિમ નૃત્ય દ્રશ્ય કેટલાક રાજકારણીઓ અને ઈતિહાસ પ્રેમીઓએ વાંધો ઉઠાવ્યા બાદ તેને દૂર કરવામાં આવશે. લેઝીમ એ મહારાષ્ટ્રનું પરંપરાગત લોકનૃત્ય છે, જેમાં નાના સંગીતનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. તાજેતરમાં જ વિકીએ ફિલ્મને લઈને ઉભા થયેલા વિવાદ અંગે મીડિયા સાથે વાત કરી હતી.તેમણે કહ્યું કે ફિલ્મની આખી ટીમના ઈરાદા એકદમ સ્પષ્ટ હતા અને અનાદર કરવાનો કોઈ ઈરાદો નહોતો. વિકીએ કહ્યું, 'અમે ફિલ્મનું શૂટિંગ દરરોજ શિવગર્જના (છત્રપતિ શિવાજી મહારાજની બહાદુરીને વધાવતું સૂત્ર) થી શરૂ કરતા હતા. ફિલ્મમાં લેઝિમ ડાન્સ સીન ફક્ત ૨૦-૩૦ સેકન્ડ લાંબો હતો. આ ફક્ત વાર્તાનો એક ભાગ નહોતો, પરંતુ આપણી સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે લઈ જવાનો પ્રયાસ હતો. વિકીએ વધુમાં કહ્યું કે સંભાજી મહારાજ લોકોના રાજા હતા અને જો કોઈ તેમને લેઝીમ વગાડવાની વિનંતી કરે તો તેઓ તેનો સ્વીકાર કરતા.

### પોસ્ટ જોઈ લોકોએ કહ્યું, 'ડિવોર્સ કહેનારા ક્યાં જતાં રહ્યાં'

# અભિષેક બચ્ચનને ઐશ્વર્યા રાયની બર્થડે વિશથી ફેન્સ ખુશ થયાં હતા

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય બચ્ચનનાં ડિવોર્સની વાતો છેલ્લાં ઘણાં સમયથી સોશિયલ મીડિયા પર સતત છવાયેલી રહી છે. આ અફવાઓ અને ચર્ચાઓ વચ્ચે હવે ઐશ્વર્યા રાયે અભિષેક બચ્ચનને બુધવારે સોશિયલ મીડિયા પર બર્થડે વિશ કરતી પોસ્ટ કરી છે. ઐશ્વર્યાએ ઈન્સ્ટાગ્રામ પર અભિષેકને ૪૫મા જન્મદિવસ પર શુભેચ્છા પાઠવી હતી. જેમાં ઐશ્વર્યાએ અભિષેકબચ્ચનનો બાળપણનો એક ક્યારેય ન જોયો હોય એવો ફોટો શેર કર્યો હતો.આ તસવીરમાં નાનો અભિષેક એક ટ્રાયસિકલ પર બેઠેલો છે, જે સીધું જ કેમેરા સામે જુએ છે. આ ફોટોની કેપ્શનમાં ઐશ્વર્યાએ લખ્યું, ''તને ખુશીઓ, સારા આરોગ્ય અને પ્રકાશ સાથે હેપ્પી બર્થ ડે, ઈશ્વરના આશીર્વાદ રહે.'' છેલ્લા ઘણા સમયથી તેઓ અલગ છે, જાહેર કાર્યક્રમોમાં એકસાથે જોવા નથી મળતા અને દિકરી આરાધ્યાના જન્મદિવસે પણ સાથે ન હોવાની વાતો ચાલી હતી. આ પોસ્ટ સાથે એ બધી જ ચર્ચાઓને જવાબ મળી ગયો હતો અને તેમનાં ફેન્સે કમેન્ટ્સમાં ખુશી વ્યક્ત કરતાં આ પ્રકારની અફવા ફેલાવનારાઓને નિશાન બનાવ્યા હતા. કોઈએ લખ્યું, ''લો હવે,ક્યાં ગયાં ડિવોર્સ કહેવાવાળા''તો કોઈએ ઐશ્વર્યા અને અભિષેકની સમજદારી, સન્માન ને પ્રેમના વખાણ કર્યા હતા. તો કોઈએ ઐશ્વર્યાના વખાણ પણ કર્યા હતાં. અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના લગ્નમાં અભિષેક બચ્ચન સમગ્ર બચ્ચન અને નંદા પરિવાર સાથે તેમજ ઐશ્વર્યા એકલી દિકરી આરાધ્યા સાથે આવી, ત્યારથી આ ચર્ચાઓ શરૂ થઈ હતી. ઐશ્વર્યા અને અભિષેકનાં લગ્ન ૨૦૦૭માં થયાં હતાં અને ૨૦૧૧માં આરાધ્યાનો જન્મ થયો હતો.



# નવી સિવિલ સ્થિત સરકારી મેડિકલ કોલેજમાં ડિસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા ટોબેકો જાગૃતિ કાર્યક્રમ યોજાયો




। (માહિતી) ગાંધીનગર, તા.૮ ।

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ડિસ્ટ્રીકટ ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા સરકારી મેડિકલ કોલેજના સાયકિઆટ્રીક વિભાગના સંયુક્ત ઉપક્રમે **"Give up Tobacco Sensibly"** થીમ પર ટોબેકો જાગૃત્તિ કાર્યક્રમ યોજાયો હતો. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી અને ટોબેકો કંટ્રોલ પ્રોગ્રામના નોડલ ઑફિસર ડૉ. અનિલ પટેલ અને ડિપાર્ટમેન્ટ ઓફ સાયકિઆટ્રીકના વડા ડો.ઋતંભરા મહેતાના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં મેડિસીન, ટી.બી-ચેસ્ટ, ન્યુરોલોજી, ડેન્ટલ, ઈ.એન.ટી, રિપ્રોડકટીવ વિભાગના તજજ્ઞોએ તમાકુથી થતી વિપરીત અસરો વિષે વિસ્તૃત સમજ આપી હતી.



ઉપરાંત, યુ.જી. અને પેરામેડિકલ વિદ્યાર્થીઓ માટે પોસ્ટર પ્રતિયોગીતા યોજાઈ હતી, જેમાં ૪૦૦ થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ વેળાએ સરકારી મેડિકલ કોલેજના ડીન ડો.જયેશ બ્રહ્મભટ્ટ અને ટોબેકો સીશેસન સેન્ટરના નોડલ ઓફિસર ડો.કમલેશ દવે, ડો.કૌશિક મહેતાએ પ્રોત્સાહનરૂપે પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કર્યું હતું.

# ધાનપુર તાલુકાના હાટ બજારમાં સ્પર્શ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન" અંતર્ગત ભવાઈ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) દાહોદ, તા.૮ ।

ધાનપુર તાલુકાના હાટ બજારમાં "સ્પર્શ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન" અંતર્ગત ભવાઈ દ્વારા પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યો હતો. જેમા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.ઉદય ટીલાવત, જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ડૉ.આર. ડી.પહાડીયા તેમજ તાલુકા આરોગ્ય અધિકારીશ્રી ડૉ.બી.પી.રમનના માર્ગદર્શન હેઠળ હાલમાં ચાલી રહેલ સ્પર્શ રક્તપિત્ત જન જાગૃતિ અભિયાન અંતર્ગત ધાનપુર ખાતે હાટ બજારમાં પ્રચાર-પ્રસાર કરવામાં આવ્યું હતું.

આ દરમ્યાન જિલ્લા રક્તપિત્ત મેડિકલ ઓફિસરશ્રી ડૉ. શોભના મુનિયા તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, રાછવાના સુપરવાઈઝરશ્રી સહીત સ્ટાફ, સી.એચ.ઓ. તેમજ લેપ્રસી, ટી.બી., મેલેરીયા, સુપરવાઈઝર, સિકલસેલ તેમજ એચ. આઈ.વી. કાઉન્સેલરની ઉપસ્થિત રહ્યા હતા. દાહોદ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા "સ્પર્શ "રક્તપિત્ત જન જાગૃતિ અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં તારીખ ૩૦ જાન્યુઆરી થી ૧૩ ફેબ્રુઆરી સુધી લેપ્રસી, ટીબી, મેલેરિયા, સિકલસેલ, એચ. આઈ.વી. વિશે લોકોમાં જન જાગૃતિ ફેલાય એ માટે જુદી જુદી જગ્યાઓએ જેમ કે, હાટ બજાર, સ્કૂલો તેમજ કોલેજમાં "ચાલો સૌ સાથે મળીને જાગૃતિ લાવીએ" પ્રચાર-પ્રસાર માટે પત્રિકા વિતરણ તેમજ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ગાંધીનગર જિલ્લામાં સેક્ટર -૧૧ રામકથા મેદાન ખાતે "મિલેટ મહોત્સવની" ઉજવણી કરવાનું આયોજન

। ગાંધીનગર, તા.૮ ।

વડાપ્રધાનશ્રીના મિલેટ માઈન્ડફુલનેસની જાગૃતિના અભિયાનને સાર્થક કરવા રાજયમાં મિલેટ પાકોની ખેતીને પ્રોત્સાહન આપવા અને મિલેટ આધારિત પ્રોડક્ટ્સના પ્રદર્શન સહ વેચાણ હેતુ તા.૦૮/૦૨/૨૦૨૫ અને તા.૦૯/૦૨/૨૦૨૫ દરમ્યાન બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ, ૨૦૨૫ નું અમદાવાદ, સુરત, જામનગર, વડોદરા, ગાંધીનગર, રાજકોટ અને ભાવનગર એમ કુલ સાત મહાનગર પાલિકા ખાતે તેમજ તે પૈકી અમદાવાદ મહાનગરપાલિકા ખાતે રાજ્ય કક્ષાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે જે પૈકી ગાંધીનગર જિલ્લામાં સેક્ટર ૧૧ રામકથા મેદાન ખાતે મિલેટ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની દીઘર્દ્રષ્ટિથી સંયુક્ત રાષ્ટ્રએ વર્ષ ૨૦૨૩ ને આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ એટલે કે "**International year of Milas**" જાહેર કર્યું હતું. બરછટ અનાજનાં મહત્વને ઓળખી લોકોને પોષણયુક્ત ખોરાક પુરા પાડવા દેશ તથા વૈશ્વિક સ્તરે તેની માંગ ઊભી કરવામાં ભારત અગ્રેસર રહી એક પથદર્શક રાષ્ટ્ર બન્યું છે. પ્રધાનમંત્રીશ્રીએ છેલ્લા વર્ષોમાં '**Milla Mindfulness**' બનાવવા માટે જાગૃતિ લાવવા માટે આગ્રહ કર્યો છે.

# દાહોદ જિલ્લામાં જોખમી વ્યવસાયમાં કામ કરતાં તરૂણ શ્રમિકોને મુક્ત કરાવવા માટે જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટી દ્વારા થઈ રહેલી કામગીરી

। (માહિતી) દાહોદ, તા.૮ ।

દાહોદ જિલ્લામાં કલેક્ટરશ્રી યોગેશ નિરગુડે દ્વારા બાળ શ્રમયોગી પ્રથા નાબુદી માટે નિયુકત કરવામાં આવેલ જિલ્લા ટાસ્ક ફોર્સ કમિટીની રચના કરવામાં આવી છે. સરકારી શ્રમ અધિકારીશ્રી એમ.એમ.હિરાણીના માર્ગદર્શન હેઠળ આ કમિટી દ્વારા જિલ્લામાં બાળ શ્રમિકો પાસે કરાવતી સંસ્થાઓ તેમજ જોખમી વ્યવસાયમાં કામ કરતાં તરૂણ શ્રમિકોને મુક્ત કરાવવા માટેની સઘન કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જે દરમ્યાન ગઈ તારીખ ૦૬-૦૨-૨૦૨૫ નાં રોજ દાહોદ સીટીમાં સતીષભાઈ હસમુખલાલ પરમારની બાંધકામ સાઈટ, મું. ગૌશાળા રોડ ખાતે આ ટાસ્ક ફોર્સ દ્વારા રેડ કરવામાં આવી હતી. જે દરમ્યાન જિલ્લા ટાસ્કફોર્સ સમિતિના સભ્યો દ્વારા પ્રાથમિક પુછપરછ દરમિયાન જોખમી વ્યવસાયમાં આ તરૂણ શ્રમિક હોવાનું જણાઈ આવતા ટીમ દ્વારા આ તરૂણ શ્રમિકને મુક્ત કરાવી જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી.

જેમાં ૦૧ (એક) બાળ શ્રમિકને મુક્ત કરીને બાળ શ્રમયોગીને ચિલ્ડ્રન હોમ, દાહોદને સોંપવામાં આવ્યો છે, એ સાથે સંસ્થાના માલિક સતીષભાઈ હસમુખલાલ પરમાર સામે ફોજદારી પગલાં લેવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી રહેલ છે.

આ સમગ્ર કાર્યવાહીમાં દાહોદ સરકારી શ્રમ અધિકારીશ્રી એમ.એમ.હિરાણી અને પોલીસ ખાતાના અધિકારીશ્રીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીના અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓએ ભાગ લીધો હતો. આ ખાતા દ્વારા સઘન રીતે આ પ્રકારની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ સરકારી શ્રમ અધિકારીશ્રી એમ.એમ. હીરાણી, દાહોદ દ્વારા જણાવાયું છે.

# મહીસાગર જિલ્લાના નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કાર્યભાર સંભાળ્યો

।(માહિતીબ્યૂરો) મહીસાગર, તા.૮।



મહીસાગર જિલ્લાના નવનિયુક્ત જિલ્લા વિકાસ અધિકારીશ્રી તરીકે ૨૦૨૦ની બેચના આઈ એ એસ યુવરાજ સિદ્ધાર્થે કાર્યભાર સંભાળી લીધો છે. મહીસાગર જિલ્લાના વિકાસની ધુરા સંભાળતા યુવરાજ સિદ્ધાર્થે મહીસાગર જિલ્લો વિકાસની હરોળમાં અગ્રેસર બની રહે તે માટે સતત કાર્યશીલ રહેવા નેમ વ્યક્ત કરી છે. અગાઉ તેમણે મહીસાગર જિલ્લામાં ટ્રાઈબલ સબ પ્લાન પ્રાયોજના વહીવટદારશ્રી તરીકે ફરજ બજાવી છે.

# ૨-૩ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૧-૩ ડિગ્રીનો ઘટાડો થશે

। નવી દિલ્હી, તા.૮ ।

ફરી એક વાર વાતાવરણમાં જોવા મળ્યો પલટો, હવામાન વિભાગની આગkne અનુસાર ઉત્તર-પશ્ચિમમાં તાપમાનમાં ઘટાડો થયો છે સાથેજ દિલ્હી એનસીઆરમાં ફૂંકાતા ભારે પવનને કારણે ઠંડીની તીવ્રતા વધી છે અને આગામી દિવસોમાં આકાશ વાદળછાયું રહેશે. એક નવું પશ્ચિમી વિક્ષેપ ફરી સક્રિય થવા જઈ રહ્યું છે, જેના કારણે ઘણા રાજ્યોમાં ૫ દિવસ સુધી વરસાદ પડશે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ ઠંડી અને વરસાદ અંગે ચેતવણી જારી કરી છે. IMD અનુસાર, ઉત્તર પાકિસ્તાન અને નજીકના જમ્મુ પ્રદેશમાં ચક્રવાતી પરિભ્રમણના રૂપ માં એક પશ્ચિમી વિક્ષેપ સક્રિય છે. મધ્ય આસામ અને આસપાસના વિસ્તારોમાં ચક્રવાતી વાવાઝોડું સર્જાઈ રહ્યું છે, જેના કારણે ૮ ફેબ્રુઆરીએ અરુણાચલ પ્રદેશ અને આસામમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. ભારે ગર્જનાની સાથે વીજળી પણ ત્રાટકશે. પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં વધુ એક નવું પશ્ચિમી વિક્ષેપ આવવાની શક્યતા છે, જેના કારણે ૯ થી ૧૨ ફેબ્રુઆરી દરમિયાન જમ્મુ-કાશ્મીર, લદાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદ અને હિમવર્ષા થશે.

# પોષણ ઉત્સવ અને કિશોરી મેળો જિ. પંચાયત પ્રમુખશ્રીના અધ્યક્ષતામાં યોજાયો



। (માહિતી) છોટાઉદેપુર, તા.૮ ।

છોટાઉદેપુર જિલ્લાના પાવીજેતપુર ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મલકાબેન પટેલના અધ્યક્ષતામાં પોષણ ઉત્સવ અને કિશોરી મેળો યોજાયો હતો.

આ કાર્યક્રમમાં આંગણવાડી કેન્દ્રના કાર્યકર બહેનો દ્વારા આંગણવાડીની તમામ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. આંગણવાડી કાર્યકર બહેનોએ બાળકો, કિશોરી અને માતાઓને પોષણની કમીને પૂર્ણ કરવા માટે ટેક હોમ રાશન (બાળ શક્તિ, પુણા શક્તિ, માતૃશક્તિ) નો ઉપયોગ કરી અવનવી વાનગી બનાવવાની માહિતી પૂરી પાડી હતી. ઉપરાંત આંગણવાડી કાર્યકર બહેનોએ ટેક હોમ રાશન, મિલેટ્સ આથી તૈયાર કરેલી સ્વાદિષ્ટ અને પૌષ્ટિક વાનગીઓનું નિદર્શન કર્યું હતું. જ્યાં ગામની બહેનોએ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીને સ્વસ્થ રાખવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતિ મલકાબેન પટેલ એ જણાવ્યું હતું કે, પોષણ ઉત્સવને જન ભાગીદારીથી જન આંદોલન તરફ લઈ જવાની જવાબદારી આપણી સૌની છે રાજ્ય અને રાષ્ટ્રના લોકો પરંપરાગત ખોરાક પ્રેરિત કરવા અને પૌષ્ટિક ખોરાક બાબતે જાગૃતિ લાવવાની જરૂર છે.

કાર્યક્રમમાં કિશોરી દ્વારા ક્વીઝ સ્પર્ધા, આંગણવાડી કાર્યકર દ્વારા બનાવવામાં આવેલ મિલેટ અને **THR**માંથી વાનગી સ્પર્ધા રાખવામાં આવેલ હતી, જેમાં ભાગ લેનાર કિશોરી અને તેડાગર બહેનોને જિલ્લા પંચાયત પ્રમુખ તથા ઉપસ્થિત મહાનુભવોના હસ્તે ઈનામ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિના ચેરમેન શ્રીમતી ધર્મિષ્ઠાબેન રાઠવા, માનનીય કારોબારી અધ્યક્ષ જેતપુરપાવી અર્જુનભાઈ રાઠવા, સિંચાઈ સમિતિના શ્રીમતી નયનાબેન રાઠવા, માજી કારોબારીના અધ્યક્ષ યોગેશભાઈ રાઠવા, તાલુકા પ્રમુખશ્રી મુકેશભાઈ, જિલ્લા પ્રોગ્રામ ઓફિસરશ્રી ક્રિષ્નાકુમારી પટેલ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ, આંગણવાડી કાર્યકરો, મુખ્ય સેવિકા, કિશોરીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### મલાજા ગામના મોહનભાઈ રાઠવાએ પ્રાકૃતિક કૃષિ અપનાવી

# મલાજાના મોહનભાઈ શેરડી વેંચી અંદાજે ૩૫ હાજરથી વધુની આવક મળશે

। (માહિતી) છોટાઉદેપુર, તા.૮ ।

છોટાઉદેપુર તાલુકાના મલાજા ગામના રહેવાસી મોહનભાઈ રાઠવાએ પોતાના ચાર વીઘા જમીનમાં રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક કૃષિ અપનાવી છે. છેલ્લા ચાર વર્ષથી પ્રાકૃતિક ખેતી કરતા મોહનભાઈ જણાવે છે કે પ્રથમ વર્ષે ચોળીનું વાવેતર કર્યું હતું ત્યારે તેમાં બીજામૃતનું પટ આપ્યું હતું. એ વર્ષે ચોળીનું સારું ઉત્પાદન મળ્યું હતું અને બીજા વર્ષે ભીંડાના પાકનું વાવેતર કર્યું હતું. બે વર્ષથી શેરડી,ડાંગર અને મકાઈનું વાવેતર કરે છે.

પ્રાકૃતિક કૃષિની વાત કરતા તેઓ જણાવે છે કે, છોટાઉદેપુરમાં આત્મા પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. આત્મા પ્રોજેક્ટ દ્વારા સમજાવવામાં આવ્યું કે રસાયણિક કૃષિથી જમીનની ફળદ્રુપતા ઘટે છે ઉપરાંત ખેતી ખર્ચ પણ વધે જ્યારે પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોથી ખેતી કરતા જમીન ફળદ્રુપ બને છે અને ખર્ચ નહીવત થાય છે. આમ પ્રાકૃતિક કૃષિના લાભ જોતા પ્રાકૃતિક કૃષિ કરવાની શરૂઆત કરી તો જમીનમાં પણ સુધારો થવા લાગ્યો. ખર્ચ ઘટવાના કારણે આવકમાં વધારો થયો છે.

પ્રાકૃતિક કૃષિના પાંચ આયામોની વાત કરતા મોહનભાઈએ જણાવ્યું કે, વાવણી વખતે જમીનમાં ઘનજીવામૃત નાખું છુ, વાવણી બાદ પાણીમાં



જીવામૃત મિક્ષ કરી ક્યારામાં આપું છું. બ્રમાસ્ત્ર, નિમાસ્ત્રનો ઉપયોગ કરી મકાઈ, શેરડીમાં થતી જીવાત પર નિયંત્રણ કરીએ છીએ. મારી પાસે પોતાનું શેરડીનો રસ કાઢવાનું મશીન છે જેનાથી શેરડીના રસ કાઢી વેચાણ કરું છું. સાથે ગ્રાહકોને છૂટકમાં ૪૦ રૂપીયાનો એક દંડો પ્રમાણે વેચાણ કરીએ છીએ. આ વખતે અમને ૩૫ થી ૪૦ હજારની શેરડીમાંથી આવકનો અંદાજ છે.

મારા ઘરમાં ૪ દેશી ગાય છે. જેમાં ૫ લીટર ગૌ મૂત્ર, ૫ કિલો ગોબર, બેસન અને ઝાડ નીચેની માટી મિક્સ કરી ઘડીયાળના કાંટાની દિશામાં ફેરવીએ છીએ. તે બનાવી ખેતરમાં ઉપયોગ કરીએ છીએ, જીવામૃતનો ઉપયોગ કરવાથી જમીનમાં રહેલા જીવાણું નાશ પામતા નથી અને જમીન ફળદ્રુપ અને પોચી થાય છે.

# બાગાયતી યોજનાઓ હેઠળ પૂર્વ-મંજરી ધરાવતા ખેડુતોએ ખરીદી અંગેના બિલો તા.૧૫/૦૨/૨૦૨૫ સુધીમાં કચેરી ખાતે રજૂ કરવા બાબત

। ગાંધીનગર, તા.૮ ।

આથી ગાંધીનગર જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતોને જણાવવાનું કે, વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયત ખાતા દ્વારા અમલી વિવિધ યોજનાઓ જેવીકે હાઈબ્રીડ બિયારણ, છુટ્ટા ફૂલો, વિવિધ ફળ પાક વાવેતર જેવા કે જામફળ, આંબા, લીંબુ, પપૈયા, વિગેરે, અને ટ્રેલીઝ મંડપ (કાચા મંડપ, અર્ધપાકા અને પાકા મંડપ), બાગાયત યાંત્રીકરણ, પ્લાસ્ટીક આવરણ (મહિંગ), પ્લાસ્ટીક કેરેટ, તાડપત્રી, વજનકાંટા વિગેરે જેવા ઘટકોમાં માં આઈ-ખેડૂત પોર્ટલ પર કરેલ ઓનલાઈન અરજી હેઠળ પૂર્વ-મંજૂરી ધરાવતા અને હાલમાં વાવેતર કરેલ હોઈ અને ઉક્ત બિલો જમા કરાવવાના બાકી હોઈ તેવા ખેડુતોએ સાધનિક કાગળો/ખરીદી અંગેના બિલો તા.૧૫/૦૨/૨૦૨૪ સુધીમાં કચેરી માં જમા કરવા જણાવવામાં આવે છે. વધુમાં સમયમર્યાદા બહાર રજુ થયેલ સાધનિક કાગળો ધ્યાને લેવા માં આવશે નહિ.વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, સહયોગ સંકુલ, પાંચમો માળ, સી-બ્લોક, પથિકાશ્રમની બાજુમાં, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧ ખાતે રૂબરૂ સંપર્ક અથવા ફોન નં-૦૭૯-૨૩૨૫૭૭૬૦ અને ઈ-મેલ: **ddhgandhinagar@gmail.com** પર પણ સંપર્ક કરી શકાશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે અમુક કામોમાં ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. ઉપયોગી થવાની તમારી શક્તિને હકારાત્મક વિચારો સાથે વિકસાવો અને લોકો તરફથી મળતા સૂચનોને તમારા પરિવારના ફાયદા માટે અપનાવો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારૂં મગજ બધીજ સારી બાબતોને સ્વીકારશે. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. પવિત્ર અને નિર્મળ પ્રેમને અનુભવો. તમે જે હંમેશાં સાંભળવા માગતા હતા- એ સાર વખાણભર્યા શબ્દોની આજે લોકો તમારા પર વર્ષા કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે સવારથી જ અપાર ઊર્જા અને ઉત્સાહ તમને ઘેરી વળશે અને તમારી સામે આવનારી કોઈપણ તક તમે તમારા ફાયદા માટે ઉપયોગમાં લેશો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. કોઈક તમને નુકસાન પહોંચાડવાની કોશિષ કરશે- કેટલીક મજબૂત શક્તિઓ તમારી વિરુદ્ધ કામ કરી રહી છે- ઘર્ષણ થાય તેવી પ્રવૃત્તિઓ તમારે ટાળવી જોઈએ.

**કર્ક (ડ,હ) :**

તમે જો હાલના સમયમાં હતોત્સાહની લાગણી અનુભવતા હો તો-તમારે યાદ રાખવું જઈએ કે આજે યોગ્ય વિચારો અને વર્તન જરૂરી એવી રાહત લાવશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**

તો તમારું વજન ખૂબ વધી ગયું હોયતો નિયમિત વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**

અમુક મુદ્દાઓમાં બાળક જેવો તમારો સ્વભાવ સપાટી પર આવશે તથા તમે આનંદના મિજાજમાં હશો. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? રસોડા માટે જરૂરી ચીજની ખરીદી સાંજે તમને વ્યસ્ત રાખશે. તમારૂં ધૂંધળું જીવન તમારા જીવનસાથીને ટેન્શન આપશે. ખાલી સમય નું તમે આજે સદુપયોગ કરશો અને તે કામો ને પુરા કરવાની કોશિશ કરશો જે ગત દિવસો માં પુરા નથી થયા હતા.

**તુલા (ર,ત) :**

આજે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. નોકરીપેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. બાળકો તેમની સિદ્ધિ દ્વારા તમને ગર્વની અનુભૂતિ કરાવશે. ભૂતકાળમાં તમારા પ્રિયપાત્રએ દાખવેલી ઉદાસીનતા માટે માફી આપી તમે તમારા જીવનને વધુ લાયક બનાલશો. કોઈ કારણોસર, આજે તમારી ઓફિસ માં વહેલા રજા હોઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારી આસપાસનો લોકોનો સહકાર મળવાથઈ તમે ખુશ થશો. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. મિત્રો તથા સંબંધીઓ તમારી તરફેણ કરશે અને તમે તેમની સોબતમાં ખાસ્સા ખુશ રહેશો. પ્રેમની ઊર્જા તમને પ્રેમ કરવાનું કારણ આપે છે. આજે તમે કોઈને કહ્યા વિના એકલા તમારા ઘર ની બહાર જઈ શકો છો. પરંતુ તમે એકલા રહેશો પણ શાંત નહીં, આજે તમારા હૃદય માં ઘણી ચિંતા રહેશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો? આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. આજના દિવસને ખાસ બનાવવા માટે તમારા પરિવાર સાથે સાંજે કેન્ડલ લાઈટ ડીનર માણો. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

**મકર (ખ,જ) :**

આજે ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે. દીકરીની બીમારી તમારો મિજાજ ખરાબ કરી મુકશે. તેને આ બીમારીમાંથી બહાર નીકળવા માટે તમારો પ્રેમ અને લાગણી આપી તેનો મિજાજ બદલવામાં મદદ કરો પ્રેમમાં લોકોને સાજા કરવાની ગજબની શક્યતા રહેલી છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. જો તમારા મગજ પર તાણ હોય- તો તમારા સંબંધી અથવા નિકટના મિત્ર સાથે વાત કરો. કેમ કે તેનાથી તમારા માથા પરનો બોજ ઓછો થશે. તમારી લવ સ્ટોરી આજે નવો વળાંક લઈ શકે છે, તમારો જીવનસાથી આજે તમારી સાથે લગ્ન વિશે વાત કરી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારી અંદરની નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે.

**ન્યૂઝ બ્રિફ**

## મસ્કની સામે અમેરિકાના ૧૨ રાજ્યોના એટર્નીએ બાંયો ચઢાવી

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ |

અમેરિકામાં કેટલાક રાજ્યોના એટર્ની જનરલોએ ગુરુવારે ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સીન(ડીઓજીઈ)ને અમેરિકનોની સંવેદનશીલ વ્યક્તિગત માહિતી ધરાવતી ફેડરલ પેમેન્ટ સિસ્ટમનું એક્સેસ લેતા અટકાવવા માટે કેસ કરવાની તૈયારી દાખવી છે.ન્યૂયોર્કના લેટિટિયા જેમ્સ સહિતના ડઝનેક એટર્ની જનરલોએ તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે અમે અમારા બંધારણ, અમારી પ્રાઈવસીના અધિકાર તથા જરુરી ફંડિંગ મેળવતી વ્યક્તિઓ તથા વિવિધ કમ્યુનિટીઝે પણ વિરોધ કર્યો છે.આ નિવેદનમાં જણાવાયું હતું કે મસ્કે ભલે વિશ્વનો સૌથી ધનવાન વ્યક્તિ હોય પરંતુ તેને પણ ના પાડવી જરુરી છે. આપણા દેશમાં કોઈપણ કાયદાથી પર નથી. પ્રેસિડેન્ટ પાસે પણઆપણી માહિતી તેમની પસંદગીની વ્યક્તિને આપવાની સત્તા નથી અને તે કોંગ્રેસ દ્વારા પાસ કરવામાં આવેલી ફેડરલ પેમેન્ટ્સમાં કાપ મૂકી શકે નહીં.વ્હાઈટ હાઉસે આ બાબત પર તાત્કાલિક પ્રતિસાદ આપ્યો નથી. સરકારી અધિકારીઓએ અને લેબર યુનિયનોએ ફેડરલ ગવર્નમેન્ટની પેમેન્ટ સિસ્ટમમમાં ડીઓજીઈની સંડોવણીને લઈને ચિંતા વ્યક્ત કરી છે. તેઓએ જણાવ્યું છે કે આના લીધે સલામતીનું જોખમ ઊભું થઈ શકે છે.

## મુરાદાબાદમાં સ્કૂલની બહાર ઉભેલી ૬ વિદ્યાર્થિનીઓને ફૂલ સ્પીડ કારે કચડી

| (એજન્સી) મુરાદાબાદ, તા.૮ |

ઉત્તર પ્રદેશના મુરાદાબાદમાં સ્કૂલની બહાર ઉભેલી ૬ વિદ્યાર્થીનીઓને ફૂલ સ્પીડમાં આવી રહેલી કારે ટક્કર મારી હતી. અઆ દુર્ઘટનામાં ઘાયલ વિદ્યાર્થીનીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. રિપોર્ટ મુજબ, બે વિદ્યાર્થીનીઓની હાલત ગંભીર છે. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા છે. જેમાં, કચડાયેલી છોકરીઓને રસ્તા પર પડતી જોઈ શકાય છે. મુરાદાબાદના સિવિલ લાઈન્સ પોલીસ સ્ટેશન વિસ્તારના રામગંગા વિહારમાં ગોલ્ડન ગેટ સ્કૂલની સામે ફૂલ સ્પીડમાં આવી રહેલી કારે શિર્ડી સાઈ પબ્લિક સ્કૂલની ૬ વિદ્યાર્થીનીઓને ટક્કર મારી હતી. ટક્કર બાદ રસ્તા પર લોહીના ખાબોચિયા ભરાતા હાજર લોકો ગુસ્સે ભરાયા હતા. તમામ છોકરીઓ ૧૨મા ધોરણમાં અભ્યાસ કરે છે. તેઓ સ્કૂલના છેલ્લા દિવસે બોર્ડ પરીક્ષાઓ માટે આઈકાર્ડ લેવા સ્કૂલે ગઈ હતી. એક વિદ્યાર્થીનીના પિતાએ દાવો કર્યો છે કે, બલેનો કારમાં બેઠેલા પાંચ યુવકોએ પહેલા તેમનો પીછો કર્યો હતો.

**પતિના માસી સહિતના આખા પરિવારને પત્ની દ્વારા આરોપી બનાવાતા સુપ્રીમની ટકોર**

# ઘરેલુ હિંસાના કેસોમાં સાસરિયાને આડેધડ સામેલ ના કરી શકો: સુપ્રીમ

**આરોપી પરિવારના સભ્યોનો ગુનો શું છે તેની વિગતો દર્શાવવી જરૂરી, મનફાવે તેને આરોપી ના બનાવી શકો તેવી ટકોર**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

એક મહત્વપૂર્ણ ચુકાદામાં સુપ્રીમ કોર્ટે કોઈ જ વિશિષ્ટ આરોપો વગર ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યોને ફસાવવાના કેસોની સુનાવણી દરમિયાન સાવચેતી રાખવાની ટકોર કરી હતી. સુપ્રીમના ન્યાયાધીશ બી. વી. નાગરત્ના અને ન્યાયાધીશ એન. કોટિશ્વરસિંહની બેંચે કહ્યું હતું કે ઘરેલુ હિંસાના કેસોમાં પરિવારના સભ્યો સામે નક્કર આરોપો વગર જ આડેધડ આરોપી ના બનાવી શકાય. આમ કરીને ગુનાહિત પ્રક્રિયાનો દુરુપયોગ ના કરી શકો. ઘરેલુ હિંસાના એક મામલામાં ફરિયાદી મહિલાએ



પતિ અને તેમના પરિવારના લોકોને તો આરોપી બનાવ્યા જ હતા સાથે પતિના માસી અને પિતરાઈ ભાઈ સહિત પરિવારના અન્ય લોકોને પણ આરોપી બનાવ્યા હતા અને ફરિયાદ દાખલ કરાવી હતી. પરિણામે આરોપીઓ દ્વારા તેલંગાણા હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી, હાઈકોર્ટે શરૂઆતમાં પરિવારના અન્ય લોકો સામેની ફરિયાદ રદ કરવાની ના પાડી દીધી હતી, બાદમાં પરિવારના લોકો સુપ્રીમ કોર્ટ પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના ચુકાદાને પલટીને કહ્યું હતું કે પરિવારના અન્ય લોકોને આરોપી બનાવવામાં આવ્યા તેમની સામે કોઈ વિશેષ આરોપો જ નથી, લગ્ન સંબંધી મામલાઓમાં લાગણીઓ વધી જાય છે, જેનાથી કેસમાં અતિશયોક્તિ થઈ શકે છે જે બાદમાં ઘરેલુ વિવાદોમાં અયોગ્ય રીતે આપરાધિક મામલામાં ફેરવાઈ શકે છે.

**સતત ચાર દિવસ બેંકો બંધ રહેશે**

# વિવિધ માંગો મુદ્દે યુનિયનોની બે દિવસની હડતાળની જાહેરાત

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

બેંક ખાતાધારકોને માર્ચમાં સતત ચાર દિવસ મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, કારણ કે બેંક યુનિયનોએ હડતાળની જાહેરાત કરી છે. યુનિયનોએ સપ્તાહના પાંચ દિવસ કામકાજ અને તમામ કેડરમાં પર્યાપ્ત ભરતી સહિત વિવિધ માંગો મુદ્દે રાષ્ટ્રવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. નવ બેંકોના કર્મચારી સંઘોના સંયુક્ત સંગઠન યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (UFBU)ની હડતાળના ઉદ્દેશ્યમાં જાહેર ક્ષેત્રની બેંકો (PSB) માં કર્મચારી-અધિકારી નિદેશકોની ભરતી કરવાની પણ માંગ છે. UFBU આજે (૭ ફેબ્રુઆરી) સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, 'અમે યોગ્ય ચર્ચા-વિચારણા કર્યા બાદ ૨૪ અને ૨૫ માર્ચે સતત બે દિવસ હડતાલ સાથે આંદોલન કાર્યક્રમ યોજવાનો નિર્ણય લીધો છે. યુનિયનોએ કહ્યું છે કે, નાણાંકીય સેવા વિભાગે (DFS) પ્રદર્શનની સમીક્ષા કરવા તેમજ પ્રદર્શન આધારે પ્રોત્સાહન આપવાનો તાજેતરમાં જ નિર્દેશ આપ્યો છે, જેને પરત લેવામાં આવે. યુનિયનોએ કહ્યું કે, આવા નિર્દેશ નોકરીની સુરક્ષા માટે ખતરા સમાન છે અને કર્મચારીઓ વચ્ચે વિભાજન ઉભું કરે છે. યુએફબીયુએ આક્ષેપ કર્યો છે કે, નીતિ વિષયક બાબતોમાં જાહેર ક્ષેત્રની બેંકોના માઈક્રો-મેનેજમેન્ટ સંબંધિત DFS દ્વારા બોર્ડની સ્વાયત્તતા નબળી પડી છે, જેમાં ભારતીય બેંક સંઘ (IBA) પાસે બાકી રહેલા પ્રશ્નોના નિરાકરણની માંગ પણ કરવામાં આવી છે અને સરકારી કર્મચારીઓ માટેની યોજનાની તર્જ પર ગ્રેચ્યુઈટી એક્ટમાં સુધારો કરીને તેની મર્યાદા વધારીને રૂ.૨૫ લાખ કરવામાં આવે અને આવકવેરામાંથી મુક્તિની પણ માંગ કરાઈ છે. યુએફબીયુના સભ્યોમાં ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસિએશન (AIBEA), ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કોન્ફેડરેશન (AIBOC), નેશનલ કોન્ફેડરેશન ઓફ બેંક એમ્પ્લોઈઝ (NCBE), ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન (AIBOA) અને બેંક એમ્પ્લોઈઝ ફેડરેશન ઓફ ઈન્ડિયા (BEFI) નો સમાવેશ થાય છે.



સંરક્ષણ મંત્રાલયે નવી દિલ્હીમાં ભારતીય નૌકાદળ માટે 28 EON-51 સિસ્ટમ્સ માટે BEL સાથે રૂ. ૬૪૨.૧૭ કરોડનો કરાર કર્યો.

**શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે સંસદમાં માહિતી આપી**

## રશિયા-યુક્રેન યુદ્ધમાં લડતા-લડતા ૫૯ શ્રીલંકન માર્યા ગયા

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે સંસદમાં આ માહિતી આપી છે. તેમણે સંસદમાં જણાવ્યું હતું કે યુક્રેન યુદ્ધમાં રશિયા વતી લડનારા ૫૫૪ શ્રીલંકન સૈનિકોમાંથી ઓછામાં ઓછા ૫૯ માર્યા ગયા છે. તે બધાને રશિયન લશ્કરી સેવા માટે ભરતી કરવામાં આવ્યા હતા.રશિયા-યુક્રેન યુદ્ધમાં અત્યાર સુધીમાં ૫૯ શ્રીલંકાના નાગરિકો મૃત્યુ પામ્યા છે. શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે શુક્રવારે સંસદમાં આ માહિતી આપી. તેમણે સંસદમાં જણાવ્યું હતું કે યુક્રેન યુદ્ધમાં રશિયા વતી લડનારા ૫૫૪ શ્રીલંકન સૈનિકોમાંથી ઓછામાં ઓછા ૫૯ માર્યા ગયા છે. તે બધાને રશિયન લશ્કરી સેવા માટે ભરતી કરવામાં આવ્યા હતા. શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથે જણાવ્યું હતું કે આ વર્ષે ૨૦ જાન્યુઆરી સુધી મળેલી માહિતી અનુસાર, રશિયન લશ્કરી સેવા માટે ૫૫૪ લોકોની ભરતી કરવામાં આવી હતી. તેમણે સંસદમાં જણાવ્યું હતું કે રશિયા દ્વારા શ્રીલંકાના લોકોને બળજબરીથી ભરતી કરવામાં આવ્યા ન હતા.

**અમેરિકા જવા અને વાપસીની ખતરનાક ઘટના**

# ગરીબ ખેડૂતના દીકરાએ ૪૫ લાખની લોન લીધી, ૨૧ દેશ ફર્યો પછી અમેરિકા પહોંચ્યો

| (એજન્સી) સોનીપત, તા.૮ |

અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની નવી સરકાર બનતા જ ગેરકાયદેસર રીતે વસવાટ કરતા વિદેશીઓને પરત મોકલવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ૧૦૪ ભારતીયોને અમૃતસર એરપોર્ટ પર ડિપોર્ટ પણ કર્યા, જેમાં હરિયાણા અને પંજાબ અને ગુજરાતના સૌથી વધારે લોકો સામેલ હતા. જેમને તેમના ઘર સુધી મોકલવામાં આવ્યા છે. સોનીપતના ગામ ખાનપુર ખુર્દના રહેવાસી નિશાંતને પણ પરત મોકલવામાં આવ્યો છે. નિશાંતે ડંકી રુટ અપનાવીને અમેરિકા જવા અને વાપસીની ખતરનાક ઘટના સાથે સાથે અમેરિકાની સેના અને પોલીસની યાતનાઓની રૂંવાડા ઊભા કરી દેતી કહાની જણાવી છે. નિશાંત અમેરિકા જવા માગતો હતો. તે ડોલર કમાઈને પિતા માટે મદદરૂપ બનવા માગતો હતો અને પોતાની ત્રણ બહેનોના ભણતરનો ખર્ચ ઉઠાવવા માગતો હતો. આ યુવક હરિયાણાના સોનીપતના નાના એવા ગામ ખાનપુર ખુર્દનો રહેવાસી નિશાંત છે. નિશાંતના પિતા નરેન્દ્ર ખેતીનું કામ કરે છે અને ખેતીથી દીકરાને ભણાવીને મોટા કર્યો. પણ દીકરો વિદેશ જવાના સપના જોતો હતો. આ દરમ્યાન પરિવારે કરનાલના નૂરન ખેડાના રહેવાસી રાજેશ નરવાલ સાથે સંપર્ક કર્યો. રાજેશ નરવાલે આ પરિવારને જાળમાં ફસાવીને ૪૫ લાખ રૂપિયા લઈ લીધા અને નિશાંતને ડંકી રુટથી અમેરિકા જવાનો મોકો મળી ગયો. મે મહિનામાં નિશાંત લગભગ ૨૧ દેશોના ખતરનાક રસ્તા પાર કરીને અમેરિકા પહોંચ્યો હતો. નિશાંતે જણાવ્યું કે, "અમેરિકાની સેનાએ ભારતીય સાથે બહુ ખરાબ વ્યવહાર કર્યો.

**ફિરોઝાબાદના ટૂંડલા વિસ્તારની ઘટના**

# રેસ્ટોરન્ટમાં રંગરેલિયા મનાવી રહેલા યુવક-યુવતીની ધરપકડ

| (એજન્સી) ઉત્તર પ્રદેશ, તા.૮ |

ઉત્તર પ્રદેશના ફિરોઝાબાદના ટૂંડલા વિસ્તારમાં હાઈવે પર આવેલી એક રેસ્ટોરન્ટમાં જવાન યુવક-યુવતીઓની ભીડ રહેતી હતી. લોકોએ શંકા ગઈ તો પોલીસને સૂચના આપી દીધી. એસડીએમ, સીઓ અને ટીડીઓ પોલીસ ફોર્સ સાથે રેસ્ટોરન્ટમાં આવી પહોંચ્યા. પોલીસે જેવો રૂમનો દરવાજો ખોલ્યો, સામેનો નજારો જોઈ અધિકારીઓ ચોંકી ગયા. આવો જાણીએ શું છે આ સમગ્ર મામલો. ફિરોઝાબાદ હાઈવે પર ટૂંડલા વિસ્તારમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે. જ્યાં હાઈવે પર આવેલી એક રેસ્ટોરન્ટમાં રંગરેલિયા મનાવી રહેલા યુવક-યુવતીની પોલીસે ધરપકડ કરી લીધી છે. પોલીસે ત્રણ યુવતીઓ સહિત ૧૧ યુવકોને પકડી લીધા છે. ઘટનાસ્થળને કલેક્ટરે સીલ કરાવી દીધું છે. તો વળી યુવતીઓને ચેતવણી આપતા છોડી મૂકવામાં આવી છે. સીઓ વિનિત કુમારને ઉસાયનીમાં આવેલા મિસ્ટર શિવમ રેસ્ટોરન્ટમાં અમુક યુવક-યુવતીઓ હોવાની સૂચના મળી હતી. તેમણે પોલીસ સાથે દરોડા પાડ્યા. હોટલના અલગ-અલગ રૂમમાં પોલીસે ત્રણ યુવતી અને આઠ યુવકને વાંધાજનક સ્થિતિમાં જોવા મળ્યા. આ ઘટના બાદ એસડીએમ અને ટીડીઓ પણ આવી પહોંચ્યા હતા. ઘટનાસ્થળેથી મળેલી યુવતીઓને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવ્યા છે. તેની સાથે જ રેસ્ટોરન્ટને સીલ મારી દેવામાં આવ્યો છે. સીઓ વિનિત કુમારે જણાવ્યું કે, પકડાયેલા યુવકો વિરુદ્ધ સાર્વજનિક સ્થળ પર અશ્લીલ હરકત કરવાના મામલામાં કાર્યવાહી કરવામાં આવી છે. તપાસમાં સામે આવ્યું છે કે ટૂંડલા વિસ્તારની મોટા ભાગના હોટલોમાં કલાકના હિસાબથી રૂમ ભાડે આપવામાં આવે છે. એટલું જ નહીં, હોટલના માલિકો ૨૦૦૦-૩૦૦૦ રૂપિયામાં દેહવ્યાપારનો ધંધો પણ કરાવતા હોય છે. આ વિસ્તારમાં પહેલા પણ વિદેશી યુવતીઓ પકડાઈ ચૂકી છે. આગ્રા સહિત અન્ય શહેરોથી લોકો અહીં રૂમ ભાડે રાખીને મજા કરતા હોય છે. એસડીએમ ગજેન્દ્ર પાલે જણાવ્યું કે, અહીં અશ્લીલ પ્રવૃત્તિ ચાલતી હોવાની જાણકારી મળી હતી.

**સરકારની સત્તાવાર જાહેરાત**

# હજુ ૪૮૭ ભારતીયોને ડિપોર્ટ કરશે અમેરિકા

**સરકારે ડિપોર્ટ કરવામાં આવેલા ૧૦૪ ભારતીયો સાથે દુર્વ્યવહારનો મુદ્દો અમેરિકા સમક્ષ ઉઠાવવાની ખાતરી આપી**

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ |

અમેરિકાએ ગેરકાયદે વસવાટ કરતાં ૪૮૭ ભારતીયોને ડિપોર્ટ કરવાનો અંતિમ આદેશ આપ્યો છે. કેન્દ્ર સરકારે આ અંગે માહિતી આપી હતી. કેન્દ્ર સરકારે હાલમાં બુધવારે ડિપોર્ટ કરવામાં આવેલા ૧૦૪ ભારતીયો સાથે દુર્વ્યવહારનો મુદ્દો અમેરિકા સમક્ષ ઉઠાવવાની ખાતરી પણ આપી છે.

વિદેશ સચિવવિક્રમ મિસ્રીએ નોંધ્યું હતું કે, ડિપોર્ટેશન દરમિયાન નિયંત્રણોનો ઉપયોગ સંબંધિત પ્રક્રિયા મુદ્દે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ સહિત યુએસ સત્તાધીશોનું ધ્યાન દોર્યું છે. ઉલ્લેખનીય છે, ડિપોર્ટેશનની પ્રક્રિયા લાંબા સમયથી અમલમાં છે. ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ જણાવ્યું કે, અમેરિકાના સત્તાધીશોએ ૪૮૭ ભારતીય નાગરિકોને ડિપોર્ટ કરવાનો અંતિમ આદેશ આપ્યો છે. અમેરિકાથી ડિપોર્ટ કરાયેલા ૧૦૪ ભારતીયો સાથે દુર્વ્યવહારનો મુદ્દો અમેરિકા સમક્ષ ઉટાવવામાં આવશે. અમે અમેરિકાની ઓથોરિટી સાથે આ મુદ્દે ચર્ચા કરીશું. તેમજ તેમને આ પ્રકારનો દુર્વ્યવહાર ન કરવા અપીલ કરીશું. હાલમાં જ ડિપોર્ટ કરવામાં આવેલા ૧૦૪ ભારતીયોને હાથમાં હથકડી, પગમાં બેડીઓ બાંધી લાવવામાં આવતાં વિપક્ષે અમાનવીય વ્યવહાર કર્યો હોવાનો આક્ષેપ કરતાં હોબાળો મચાવ્યો હતો.

વિદેશ સચિવે ગેરકાયદે ઈમિગ્રેશનને પ્રોત્સાહન આપતાં એજન્ટ્સ, અને નેટવર્ક્સ વિરૂદ્ધ કડક કાર્યવાહી હાથ ધરવા પર જોર કર્યું છે. તેમણે ગેરકાયદે ઈમિગ્રેશનને વેગ આપતી સમગ્ર ઈકોસિસ્ટમ પર કાર્યવાહી કરવાની જરૂરિયાત દર્શાવી છે. પ્રેસ કોન્ફરન્સમાં અગાઉ ૨૦૧૨માં અમેરિકામાંથી ભારતીયોના ડિપોર્ટેશન પર વિરોધ થયો હોવાના સવાલ પર મિસ્રીએ જણાવ્યું કે, અગાઉ ક્યારેય અમેરિકામાંથી ડિપોર્ટેશન બાદ દેખાવો કે વિરોધ નોંધાયા હોવાના અહેવાલો નથી.

**BCCI વિકલ્પની શોધમાં**

# રોહિત બાદ ટીમ ઈન્ડિયાની ટેસ્ટ ટીમનો કેપ્ટન કોણ?

**ઋષભ પંત અને જયસ્વાલ કેપ્ટનશીપની રેસમાં આગળ**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

તાજેતરમાં ભારતીય ક્રિકેટ ટીમને ઓસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ સીરિઝમાં ૧-૩થી કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. આ હારને કારણે ભારતીય ટીમ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ૨૦૨૩-૨૫ની ફાઈનલમાં પહોંચી શકી ન હતી. આ ટેસ્ટ સીરિઝમાં ભારતીય કૅપ્ટન રોહિત શર્માનું પ્રદર્શન કંઈ ખાસ રહ્યું ન હતું. તે પાંચ ઈનિંગ્સમાં ૩૧ રન જ બનાવી શક્યો હતો. રોહિતના ખરાબ પ્રદર્શનને કારણે તેણે પોતાને સિડની ટેસ્ટમાંથી બહાર રાખ્યો હતો. ભારતની આ હાર બાદ BCCIએ ભવિષ્યની યોજના બનાવવાનું શરુ કરી દીધું છે. એક અહેવાલ અનુસાર, BCCI ટેસ્ટમાં રોહિત શર્માની જગ્યાએ કૅપ્ટન તરીકે અન્ય કોઈ ખેલાડીની શોધ કરી રહ્યું છે. જો કે ઈંગ્લૅન્ડ પ્રવાસ પર રોહિત જ કૅપ્ટનશીપ કરે તેવી સંભાવના છે. જ્યાં ભારતે યજમાન ઈંગ્લૅન્ડ સામે જૂન-ઑગસ્ટમાં પાંચ ટેસ્ટ મેચ રમવાની છે.BCCIના સૂત્રના જણાવ્યા



અનુસાર, 'પસંદગીકારો અને બોર્ડના અધિકારીઓ સાથે રોહિતની બેઠક દરમિયાન આ અંગે ચર્ચા કરવામાં આવી હતી. ત્યારે રોહિતને પૂછવામાં આવ્યું હતું કે, ચેમ્પિયન્સ ટ્રોફી બાદ તે પોતાનું ભવિષ્ય કઈ રીતે જુએ છે. ટીમ મેનેજમેન્ટ પાસે આગામી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ ચક્ર અને વનડે વર્લ્ડકપ માટે અમુક યોજનાઓ છે.' જસપ્રીત બુમરાહ કેટલાક સમયથી રોહિતના ડેપ્યુટી તરીકે સાથ આપી રહ્યો છે. પરંતુ બુમરાહની ફિટનેસની ચિંતાઓને કારણે BCCI તેને આગામી કૅપ્ટન બનાવવા અંગે નિશ્ચિત નથી. માનવામાં આવી રહ્યું છે કે, પસંદગીકારો એવા યુવાનને કૅપ્ટનશીપ સોંપવા માંગે છે કે જે ટીમને આગળ લઈ જઈ શકે. સૂત્રોએ જણાવ્યું હતું કે, 'બુમરાહ માટે લાંબી ટેસ્ટ સીરિઝ કે પૂરી સિઝન રમવાની સંભાવના ઓછી છે. પસંદગીકારો કદાચ વધુ સ્થિર વિકલ્પ ઈચ્છે છે.'

ટેસ્ટ કૅપ્ટનશીપ માટે સંભવિત દાવેદાર તરીકે ઋષભ પંત અને યુવા ઓપનર યશસ્વી જયસ્વાલનું નામ સૌથી આગળ ચાલી રહ્યું છે. જયસ્વાલ અને પંત ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કરી રહ્યા છે. પંતે T20 ક્રિકેટમાં ભારતીય ટીમની કૅપ્ટનશીપ કરી ચૂક્યો છે અને તેણે IPLમાં પણ કૅપ્ટનશીપ કરવાનો અનુભવ છે. જો કે, જયસ્વાલ અંગે આવું કહી શકાતું નથી. જો BCCI યુવા ખેલાડીને જ ટેસ્ટ કૅપ્ટન બનાવવા માંગે છે તો યશસ્વી આ રેસમાં સૌથી આગળ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ગિલ પણ કૅપ્ટનશીપના સંભવિત દાવેદારમાં સામેલ છે. પરંતુ ટેસ્ટ ક્રિકેટમાં તેનું પ્રદર્શન સાધારણ રહ્યું છે. ઋષભ પંત પણ એક મજબૂત ઉમેદવાર હોઈ શકે છે.

**સતત બીજી વખત આપ્યો ઝટકો**

# ઈરાન સાથે મિત્રતાના કારણે ભારત પર ભડક્યું અમેરિકા

**અમેરિકાએ સૌથી પહેલા ઈરાનના ચાબહાર પોર્ટ પર ભારતને આપવામાં આવેલી છૂટને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૮ |

અમેરિકામાં સત્તામાં પાછા આવ્યા બાદથી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન પર કાર્યવાહી કરવા માટે તમામ સંભવિત ઉપાયો અપનાવી રહ્યા છે. જો કે, હવે ટ્રમ્પ પ્રશાસને ઈરાન પર વધુ દબાણ લાવવાની વ્યૂહરચના તરીકે ભારત અને ઈરાનની મિત્રતા પર હુમલો કર્યો છે. અમેરિકાએ સૌથી પહેલા ઈરાનના ચાબહાર પોર્ટ પર ભારતને આપવામાં આવેલી છૂટને સમાપ્ત કરવાનો નિર્ણય લીધો છે. તેમજ હવે એક ભારતીય કંપની માર્શલ શિપ મેનેજમેન્ટ કંપની અને એક ભારતીય નાગરિક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ભારતીય કંપની પર આરોપ લગાવ્યો છે કે ભારત ચીનને તેલ વેચવામાં ઈરાનને મદદ કરી રહ્યું છે. સાથે જ અમેરિકાને એ વાતનો પણ ડર છે કે ઈઝરાયલ સાથે યુદ્ધ બાદ ઈરાન સરકાર હવે પરમાણુ બોમ્બ બનાવવામાં વ્યસ્ત છે. આ જ કારણસર અમેરિકાનું ટ્રમ્પ પ્રશાસન ઈરાનને ઘૂંટણિયે લાવવા માંગે છે. યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે ૬ ફેબ્રુઆરીના રોજ નવા પ્રતિબંધોની જાહેરાત કરી છે. આ જાહેરાતમાં સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્કને નિશાન બનાવવામાં આવ્યું છે. અમેરિકાએ કહ્યું કે ભારતીય કંપનીએ ચીન સાથે કરોડો ડોલરના તેલના વેપારમાં ઈરાનની મદદ કરી છે. તેમજ અગાઉ ૪ ફેબ્રુઆરીના રોજ પણ ટ્રમ્પ વહીવટીતંત્રે ઈરાન વિરુદ્ધ મહત્તમ આર્થિક દબાણ બનાવવાનો આદેશ આપ્યો હતો અને હવે આ ભારતીય કંપની અને અધિકારી પર લાદવામાં આવેલ પ્રતિબંધ ટ્રમ્પના આ આદેશનો એક ભાગ છે.

અમેરિકાએ પોતાના સત્તાવાર નિવેદનમાં કહ્યું કે આ તેલ પ્રતિબંધિત ઈરાની સૈન્ય કંપની તરફથી ચીનને મોકલવામાં આવી રહ્યું છે. ચીન, ભારત અને UAEની ઘણી કંપનીઓ અને જહાજો પણ આ પ્રતિબંધની શ્રેણીમાં સામેલ છે. અમેરિકાએ કહ્યું, 'ઈરાન તેલ વેચીને દર વર્ષે અબજો ડોલરની કમાણી કરી રહ્યું છે અને સમગ્ર ક્ષેત્રમાં અસ્થિરતા ફેલાવી રહ્યું છે. તે આ તેલના વેચાણથી મળેલા પૈસાથી તેના પરમાણુ કાર્યક્રમને આગળ ધપાવી રહ્યું છે. આ સિવાય તે કિલર ડ્રોન અને મિસાઈલ પણ તૈયાર કરી રહી છે. તેમજ ઈરાન હમાસ, હિઝબુલ્લાહ અને હુતિઓને પણ મદદ કરી રહ્યું છે.'

## ન્યૂઝ બ્રિફ

### ગાંધીધામમાં ૧૨ કિલો ગાંજા સાથે બે આરોપી ઝડપાયા

। (એજન્સી) ભુજ, તા.૮ ।

કચ્છમાં નશાખોરીના વ્યાપક બની ચૂકેલા દુષણ વચ્ચે પૂર્વ કચ્છના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે બાતમીના આધારે ગાંધીધામના બિઝનેસ આર્કેડ સુભાષ નગર વિસ્તારમાં સ્થિત એક્સપ્રેસ કુરિયરની ઓફિસ પર દરોડો પાડીને ઓડિશાથી આવેલા પાર્સલમાંથી ૧.૨૧ લાખની કિંમતનો ૧૨ કિલોથી વધુ ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે.આ પ્રકરણમાં રાજીવ વિન્દેશ્વર રાય (ઉંમર ૪૧ મૂળ બિહાર) અને સુભાષ દાહોર જાદવ (રહે. શાંતિધામ હરિઓમ નગર, ગાંધીધામ)ની ધરપકડ કરવામાં આવી છે.પ્રાથમિક તપાસમાં ઓડિશાના અજય શાવ અને ગાંજાની ડિલિવરી લેનાર એક અન્ય શખ્સની ધરપકડ માટે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, કચ્છમાં અગાઉ પણ કુરિયર દ્વારા માદક પદાર્થો ઘુસાડવાના કિસ્સાઓ સામે આવ્યા છે, પરંતુ આટલી મોટી માત્રામાં ગાંજાનો જથ્થો મળ્યો હોય તેવો આ પ્રથમ કિસ્સો છે.

### કપાસ વેચવા ગયેલા બાપ-દીકરા સાથે મારા મારી કરાઈ

। (એજન્સી) છોટાઉદેપુર, તા.૮ ।

વડોદરા નજીક આવેલા છોટા ઉદેપુરમાં એક ચોંકાવનારી ઘટના બની છે. અહીં જીનિંગ મિલમાં બાપ-દીકરાને થાંભલા સાથે દોરડાંથી બાંધી દેવામાં આવતા પોલીસ હરકતમાં આવી છે. સંખેડા તાલુકાના હદોદ ગામમાં દિનેશ બારૈયા અને તેમનો પુત્ર કૌશિક બારૈયા સાથે જીનિંગ મિલના માલિકોએ આવો વ્યવહાર કર્યો હતો અને તેમને થાંભલે બાંધી દીધા બાદ ભીડે પણ તેમની સાથે દુરવ્યવહાર કર્યો હોવાની માહિતી મળી છે.આ અંગે પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર બન્ને જણે કોઈ ઝેરી પીણું પી લીધું હતું અને તેમને વડોદરાની હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને વધુ તપાસ થઈ રહી છે, પરંતુ મીડિયા અહેવાલ અનુસાર દિનેશ બારેયાના જણાવ્યા પ્રમાણે તેઓ કપાસ લઈને જિનિંગ મિલમાં ગયા હતા. અહીં કપાસના વજન મામલે મિલ માલિક સાથે નજીવી બોલાચાલી થઈ હતી અને તેમણે બન્નેને થાંભલાથી બાંધી દીધા હતા.

### જામનગરના ગોરધનપર ગામમાં ૧૦ લાખથી વધુનો વિદેશી દારૂ જપ્ત

। (એજન્સી) જામનગર, તા.૮ ।

જામનગર નજીક ગોરધન પર ગામમાં એક રહેણાંક મકાનમાં વિદેશી દારૂનો માતબર જથ્થો ઉતારવામાં આવી રહ્યો હોવાની બાતમીના આધારે એલસીબીની ટુકડીએ મોડી રાત્રે દરોડો પાડી ૪૫૬ નંગ વિદેશી દારૂની બાટલી અને વાહન સહિત રૂપિયા ૧૦.૩૨ લાખના મુદ્દામાલ સાથે મકાનમાલિક અને વાહન ચાલક સહિત બેને અટકાયતમાં લીધા છે, જ્યારે જામનગરના દારૂના સપ્લાયરનું નામ ખુલ્યું છે. આ દરોડાની વિગત એવી છે કે જામનગર તાલુકાના ગોરધનપર ગામમાં રહેતો બાદલ બીજલભાઈ પરમાર નામનો દેવીપુજક શખ્સ દારૂની પ્રવૃત્તિ સાથે સંકળાયેલો છે, અને જામનગર થી એક મહેન્દ્ર પીકપ વેનમાં દારૂનો જથ્થો મંગાવીને પોતાના મકાનમાં ઉતારી રહ્યો છે, તેવી ચોક્કસ બાતમીના આધારે મોડી રાત્રે એલસીબીની ટુકડીએ દરોડો પાડયો હતો.

## દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીને મળેલ પ્રચંડ જીત બદલ મહાનગર ભારતીય જનતા પાર્ટી કાર્યાલય ખાતે વિજયોત્સવનુ આયોજન




દિલ્હી વિધાનસભા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીને મળેલ પ્રચંડ જીત બદલ મહાનગર ભારતીય જનતા પાર્ટી કાર્યાલય ખાતે વિજયોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. મહાનગર અધ્યક્ષ અને એલિસબ્રિજ વિધાનસભાના ધારાસભ્ય અમિતભાઈ પી. શાહે પત્રકાર મિત્રોને સંબોધતા જણાવ્યુ હતુ કે, દિલ્હીની જનતાએ મફત રેવડી અને ભ્રષ્ટાચારમાં ચુર આમ આદમી પાર્ટી "આપદા" ને જડબાતોડ જવાબ આપતા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબની વિકાસની રાજનીતિને સમર્થન આપ્યુ છે. દિલ્હીમાં ડબલ એન્જિનની સરકાર બનવા જઈ રહી છે ત્યારે દિલ્હીની જનતા સાચા અર્થમાં વિકાસથી પરિચીત થશે. આ સાથે હું દિલ્હીની જનતાનો જે લોકસેવા કરવાની તક આપી છે તે બદલ હદયથી આભાર વ્યક્ત કરુ છુ.

# અમદાવાદમાં બુલેટ ટ્રેન સ્ટેશનમાં ભીષણ આગ

## ફાયર વિભાગે બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।



અમદાવાદમાં બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર આગની દુર્ઘટનાથી ચકચાર મચી જવા પામ્યો છે. શનિવારે (૮ ફેબ્રુઆરી) વહેલી સવારે આ બનાવ બન્યો હતો. જોકે, અત્યાર આ અકસ્માતમાં કોઈ જાનહાનિની માહિતી સામે આવી નથી. આગ એટલી ભયંકર હતી કે ૧ નહીં ૨ નહીં પરંતુ ૧૪ ફાયર બ્રિગેડની ટોમો બોલાવી પડી હતી. ફાયર વિભાગ બે કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો. ગુજરાતના અમદાવાદમાં વહેલી સવારે ૬:૩૦ વાગ્યે સાબરમતી વિસ્તારમાં નિર્માણાધીન બુલેટ ટ્રેન સ્ટેશનમાં આગ લાગી હતી. નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRLC) તરફથી આ ઘટનાને લઈને નિવેદન આપવામાં આવ્યું છે. આ નિવેદનમાં જણાવવામાં આવ્યું કે, નિર્માણાધીન સ્ટેશનના એક ભાગમાં છતના શટરિંગમાં આગ લાગી હતી. પહેલી નજરે જોતા આગ લાગવાનું કારણે વેલ્ડિંગ સ્પાર્ક હોય શકે છે. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિની ઘટના નોંધાઈ નથી. આગની સૂચના મળતાં જ ૧૪ ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આગ પર કાબુ મેળવવામાં ફાયર વિભાગને લગભગ ૨ કલાક જેટલો સમય લાગ્યો હતો. કન્સ્ટ્રક્શન સાઈટ પર ભીષણ આગ લાગતાં મજૂરોમાં દોડધામ મચી ગઈ હતી. બુલેટ ટ્રેન સ્ટેશનની કન્સ્ટ્રક્શન સાઈટ પર આગ લાગતાં પ્રોજેક્ટના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફાયરબ્રિગેડને સ્થાનિક મજૂરોના જણાવ્યા મુજબ, વેલ્ડિંગનું કામ ચાલી રહ્યું હતું એ દરમિયાન લાકડામાં આગ લાગી હતી. એ બાદ પવન ફૂંકાવાને કારણે આગ વધુ ફેલાઈ ગઈ હતી. આગ સંપૂર્ણપણે કાબૂમાં આવી ગઈ છે.

**કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું**

## પ્રાંત અધિકારી અને મામલતદારો માટે મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય

। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં રાજ્યમાં કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનુ કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. આ ઉપરાંત હવે પ્રાંત અધિકારી અને મામલતદારને પણ લોગબુકનો જ ઉપયોગ કરવો પડશે. મળતી માહિતી મુજબ, ગુજરાત સરકાર હવે સરકારી કર્મચારીઓ માટે નવા નિર્ણયો લઈ રહી છે. સામાન્ય રીતે પ્રાંત અધિકારી અને મામલતદારને સરકારી કામકાજ અર્થે ફાળવેલ સરકારી પેટ્રોલ અને ડીઝલના વાહનો માટે કાયમી ભથ્થું ચૂકવાતું હતું. જોકે આ કાયમી ભથ્થું ચૂકવવાનો ૨૦૨૨ નો પરિપત્ર મહેસુલ વિભાગે રદ કર્યો છે. હવે આ અધિકારીઓએ પણ લોગબુક અને તે માટેના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું પડશે. કલેક્ટર કચેરીમાં ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારનું કાયમી મુસાફરી ભથ્થુ રદ કરાયું છે. આ વાહનોમાં વપરાતા પેટ્રોલ-ડીઝલની એક્ચ્યુઅલ કિંમત તેમજ દૈનિક ભથ્થું આપવામાં આવશે. આ અંગે સરકારે જાહેર કરાયેલા પરિપત્રમાં જણાવ્યું કે, મહેસૂલ વિભાગ હેઠળની જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ફરજ બજાવતા પ્રાંત અધિકારી અને મામલતદારો સરકારી કામકાજ અર્થે ફાળવવામાં આવેલ પેટ્રોલ/ડિઝલ સંચાલિત વાહનો માટે કાયમી મુસાફરી ભથ્થું ચૂકવવામાં આવે છે. પેટ્રોલ ડિઝલના ભાવોમાં થયેલ વધારા તથા દૈનિક ભથ્થાના દરોમાં થયેલો વધારી લક્ષમાં લઈ સરકારશ્રી બરા પ્રાંત અધિકારી અને મામલતદારો ચૂકવવામાં આવતા કાયમી મુસાફરી ભથ્થાના દરમાં વંચાણે લીધા કમ-(૧)માં દર્શાવેલ મહેસૂલ વિભાગના તા.૦૧/૦૧/૨૦૨૨ના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે.

**વડોદરાના વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરી રૂપિયા પડાવ્યા હતા**

## ડિજિટલ એરેસ્ટનો ભોગ બનનાર વૃદ્ધના ૧૨.૫૨ લાખ પોલીસે રીકવર કર્યા

### છેલ્લા કેટલાક સમયથી ડિઝીટલ એરેસ્ટ બાબતે લોકોને જાગૃત કરવા છતાં લોકો સાઇબર માફિયાઓનો શિકાર બની રહ્યા છે

। (એજન્સી) વડોદરા, તા.૮ ।

વડોદરાના એક વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કર્યા બાદ ૧૨.૫૨ લાખ રૂપિયા ડરાવી ધમકાવીને અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ સાયબર માફીયાઓને પોલીસે ઝડપી પાડીને તેમની પાસેથી પૂરેપૂરી રકમ રિકવર કરી વૃદ્ધને સહી સલામત પરત કરી દેવામાં આવી છે.વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં રહેતા વૃદ્ધો સહિતના લોકોને સાયબર માફિયા દ્વારા ડિજિટલ એરેસ્ટ કરીને લાખો રૂપિયા પડાવી લેવામાં આવતા હોય છે. આ ઠગો દ્વારા લોકોને તમારા વિદેશ જઈ રહેલા પાર્સલમાંથી ગેરકાયદે વસ્તુ નીકળ્યું છે. જેથી તમારી ધરપકડ કરવામાં આવશે તેવી રીતે ડરાવીને રૂપિયા પડાવવામાં આવે છે. ત્યારે વડોદરા શહેરમાં રહેતા એક વૃદ્ધ જેમનું નામ અતુલભાઈ ત્રિવેદી છે. તેમને એક મહિના પહેલા સાયબર માફિયાઓ દ્વારા ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યા હતા અને તમારી ધરપકડ કરવામાં આવશે તેવી રીતે ડરાવી ધમકાવીને તેમની પાસેથી રૂપિયા ૧૨.૫૨ લાખ અલગ અલગ ખાતામાં ટ્રાન્સફર કરાવી લીધા હતા.તમારો કેસ સોલ્વ થયા બાદ રૂપિયા પરત આપી દેવામાં આવશે તેવું ઠગો દ્વારા જણાવવામાં આવ્યું હતું. પરંતુ વૃદ્ધે પોતાની સાથે ઠગાઈ થઈ હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. જેથી પોલીસે હ્યુમન અને ટેકનિકલ સોર્સના આધારે તપાસ કરીને આરોપીઓને ઝડપી પાડ્યા હતા અને તેઓએ જે અલગ અલગ ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા તે રૂપિયા પણ તેમના બેંક ખાતાઓમાંથી રિકવર કરી આપીને પણ રૂપિયા ૧૨.૫૨ લાખ સહી સલામત રીતે વૃદ્ધ અતુલભાઈ ત્રિવેદીને પરત કરી દેવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક સમયથી ડિઝીટલ એરેસ્ટ બાબતે લોકોને જાગૃત કરવા છતાં લોકો સાઈબર માફિયાઓનો શિકાર બની રહ્યા છે.

## સાઉથ આફ્રિકામાં અકસ્માતની ઘટનામાં ભરૂચના ત્રણેના મોત

। (એજન્સી) ભરૂચ, તા.૮ ।

ગુજરાત અને દેશભરમાંથી દર વર્ષે હજારો યુવક-યુવતીઓ અભ્યાસ અને નોકરી માટે વિદેશ જતાં હોય છે, ત્યારે ગુજરાતના ભરૂચના ત્રણ યુવાનો રોજગારી અર્થે સાઉથ આફ્રિકા જઈને સ્થાયી થયા હતા. મળતી માહિતી મુજબ, આ ત્રણેય યુવાનો કામ અર્થે જઈ રહ્યા હતા, આ દરમિયાન દક્ષિણ આફ્રિકાના હાઉડસ્પ્રાઈટ નજીક મીની બસ સાથે તેમની કારની ટક્કર વાગતા અકસ્માત સર્જાયો હતો. સમગ્ર ઘટનામાં કારમાં એકાએક આગી ફાટી નીકળતા ભરૂચના ત્રણેય યુવાનોના દાઝી જવાથી મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ, ગુજરાતના ભરૂચના ત્રાલસા કોઠી ગામના શહેજાદ ભાગ્યશાલી, સુફિયાન ભાગ્યશાલી અને મુસ્તકીમ દેસાઈ નામના ત્રણ યુવાનો રોજગારી અર્થે સાઉથ આફ્રિકા ગયા હતા અને ત્યાં નોકરી શરૂ કરીને સ્થાયી થયા હતા. ભરૂચના ત્રણેય યુવાનો સહિત અન્ય યુવાનો કામ અર્થે જઈ રહ્યા હતા. આ દરમિયાન તેમની કારનો ગંભીર રીતે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની આ ઘટનામાં કારમાં આગ લાગવાથી ભરૂચના ત્રણેય યુવાનો ભડથુ થતા મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે, જ્યારે કારમાં સવાર અન્ય યુવાનો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. સાઉથ આફ્રિકામાં અકસ્માતની ઘટનામાં ભરૂચના યુવકોના મોતના સમાચાર સાંભળતા પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

**એકનું મોત, ૩૯ ઘાયલ થયાં**

## હજીરામાં બેફામ દોડતા ડમ્પરનો બસ સાથે અકસ્માત સર્જાયો હતો

### કોલસા ભરેલા ડમ્પરે સ્પીડમાં ટર્ન લેતાં પલટી જઇને સામેથી આવતી બસ સાથે અથડાતાં બસ પણ ઊંધી વળી ગઈ

। (એજન્સી) સુરત, તા.૮ ।

શહેરનાં છેવાડે ઔદ્યોગિક એકમોથી ધમધમતાં હજીરા ખાતે ગુરુવારે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બેફામ દોડતા કોલસી ભરેલા ડમ્પરે સાયકલને બચાવવા સ્પીડમાં ટર્ન લેતા પલટી થઈ ગયું અને સામેથી આવતી આર્સેલર મિત્તલ સ્ટીલ કંપનીની બસ સાથે અથડાતા બસ પણ ઊંધી વળી ગઈ હતી. અકસ્માતમાં એકનું મોત નિપજ્યું હતું જ્યારે ૩૯ કામદારોને ઈજા પહોંચતાં તમામને સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સાયકલ ચાલકને બચાવવા જતાં બેફામ દોડી રહેલા ડમ્પરે ખાનગી કંપનીની સ્ટાફ બસને અડફેટે લેતાં અકસ્માત સર્જાયો હતો. હજીરા ખાતે આવેલી આર્સેલર મિત્તલ નિપોન સ્ટીલ (એએમએનએસ) ખાતે આજરોજ કામદારોને લઈને ખાનગી બસ જઈ રહી હતી. આ દરમિયાન ચાર રસ્તા પરથી પસાર થઈ રહેલા કપચી ભરેલા ડમ્પરના ચાલકે સાયકલ સવારને બચાવવાના ચક્કરમાં કાબુ ગુમાવી દીધો હતો. ડમ્પર ઊંધું વળી ગયું હતું અને સામેથી આવતી ખાનગી બસને જોરદાર ટક્કર લાગતાં બસ પણ પલ્ટી મારી ગઈ હતી. અચાનક સર્જાયેલી આ દુર્ઘટનાને પગલે બસમાં સવાર ૫૦ જેટલા કામદારો પૈકી ૪૦ને નાની - મોટી ઈજા પહોંચી હતી. એલ એન્ડ ટી કંપનીના ગેટ નંબર ૨ પાસે સર્જાયેલા આ ગમખ્વાર અકસ્માતને પગલે રસ્તા પરથી પસાર થઈ રહેલા વાહન ચાલકો અને કંપનીના કર્મચારીઓ સહિત સ્થાનિકો મોટી સંખ્યામાં બચાવ અને રાહત માટે દોડી આવ્યા હતા. તાત્કાલિક બસમાંથી ઘાયલોને બહાર કાઢવાની સાથે ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી તાત્કાલિક તમામ ઘાયલોને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.ગંભીર ઈજાને પગલે હજીરાના મોરા ગામે રહેતા ૫૧ વર્ષીય કામદાર સુર્યદેવ રામવૃક્ષ ભુયાનું મોત નિપજ્યું હતું.



